અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ મે ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૧૦ | અંક : ૨૮૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### બ્રિટને પણ ભારતીય મસાલા પર કડક દેખરેખ રાખવાની જાહેરાત કરી

# નેપાળે MDH અને એવરેસ્ટના મસાલા ઉપર પ્રતિબંધ લાધ્યો

## મોહન કૃષ્ણ મહારાજને જણાવ્યું કે આ મસાલામાં હાનિકારક કેમિકલ હોવાના સમાચાર મળ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સિંગાપોર અને હોંગકોંગ બાદ હવે નેપાળે પણ બે ભારતીય મસાલા બ્રાન્ડ એવરેસ્ટ અને MDHના વેચાણ, વપરાશ અને આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. નેપાળના ખાદ્ય પ્રૌદ્યોગિકી અને ગુણવત્તા નિયંત્રણ વિભાગે આ મસાલામાં જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડ હોવાની આશંકા વચ્ચે આ નિર્ણય લીધો છે. આ મસાલામાં ઈથિલિન ઓક્સાઈડની તપાસ શરૂ કરવામાં આવી છે. નેપાળના ફૂડ ટેક્નોલોજી વિભાગના પ્રવક્તા મોહન કૃષ્ણ મહારાજને જણાવ્યું કે એવરેસ્ટ અને MDH બ્રાન્ડના મસાલાની આયાત પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. અમે બજારમાં આ મસાલાના વેચાણ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. આ મસાલામાં હાનિકારક રસાયણો હોવાના સમાચાર મળ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે.

આ બંને બ્રાન્ડના મસાલામાં ખતરનાક કેમિકલની તપાસ ચાલી રહી છે. તેનો તપાસ રિપોર્ટ આવે ત્યાં સુધી પ્રતિબંધ ચાલુ રહેશે.તમને જણાવી દઈએ કે MDH અને એવરેસ્ટના નામ દાયકાઓથી ઘર-પરિવારનું નામ બની




ગયા છે. આ બ્રાન્ડ્સના મસાલા મધ્ય પૂર્વ સહિત વિશ્વના ઘણા દેશોમાં નિકાસ કરવામાં આવે છે. MDH અને એવરેસ્ટ મસાલાની તપાસ બ્રિટન, ન્યુઝીલેન્ડ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ શરૂ થઈ શકે છે. કડક પગલાં લેતા, બ્રિટનની ફૂડ સેફ્ટી એજન્સી (FSA) એ કહ્યું છે કે તે ભારતમાંથી આવતા તમામ મસાલા પર ઝેરી જંતુનાશકોનું પરીક્ષણ કડક કરી રહ્યું છે, જેમાં ઈથિલિન ઓક્સાઈડ પણ સામેલ છે.

ન્યુઝીલેન્ડના ફૂડ સેફ્ટી રેગ્યુલેટરી ડિપાર્ટમેન્ટના કાર્યવાહક ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ જેન્ની બિશપે જણાવ્યું હતું કે ઈથિલિન ઓક્સાઈડ એક રસાયણ છે, જે મનુષ્યમાં કેન્સરનું કારણ બની શકે છે. MDH અને એવરેસ્ટ મસાલા પણ ન્યુઝીલેન્ડના બજારોમાં વેચાય છે. અમે આ મામલે તપાસ કરી રહ્યા છીએ.હોંગકોંગ બાદ સિંગાપોરની ફૂડ એજન્સી (SFA) એ પણ એવરેસ્ટની ફિશ કરી મસાલા પર હાલ માટે પ્રતિબંધ મૂક્યો હતો. સિંગાપોરે એવરેસ્ટની ફિશ કરી મસાલાનો ઓર્ડર પરત કર્યો હતો. એવો દાવો કરવામાં આવે છે કે માછલીની કરી મસાલામાં ઈથિલિન ઓક્સાઈડ નિર્ધારિત માત્રા કરતાં ઘણું વધારે છે. એજન્સીનું કહેવું છે કે હાલમાં ઓછી માત્રામાં ઈથિલિન ઓક્સાઈડથી કોઈ ખતરો નથી, પરંતુ લાંબા ગાળાના સેવનથી કેન્સરનું જોખમ વધી જાય છે.ઈથિલિન ઓક્સાઈડ એ રંગહીન ગેસ છે. ઓરડાના તાપમાને રાખવામાં આવે ત્યારે તે એક મીઠી ગંધ આપે છે. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ (NCI) અનુસાર, આ ગેસનો ઉપયોગ ઈથિલિન ગ્લાયકોલ (એન્ટિ-ફ્રીઝ) જેવા રસાયણો બનાવવા માટે થાય છે. આ ઉપરાંત તેનો ઉપયોગ કાપડ, ડીટરજન્ટ, ફોમ, દવાઓ, એડહેસિવ અને સોલવન્ટ બનાવવામાં પણ થાય છે. E.coli અને Salmonella જેવા સુક્ષ્મજીવાણુ દૂષણને રોકવા માટે તેનો ઉપયોગ ખાદ્ય મસાલાઓમાં પણ ઓછી માત્રામાં થાય છે. તેનો ઉપયોગ હોસ્પિટલોમાં સર્જિકલ સાધનોને સાફ કરવા માટે પણ થાય છે.

### EDએ કેજરીવાલ અને પાર્ટી સામે દાખલ કરી ચાર્જશીટ

# દિલ્હી લિકર પોલિસી મામલે હવે ‘આમ આદમી પાટી’ પણ આરોપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઈડીએ કથિત લિકર કૌભાંડ મામલે આમ આદમી પાર્ટી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બંને વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ઈડીએ રાઉઝ એવેન્યૂ કોર્ટમાં દાખલ સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથો સાથ હવે તેમની પાર્ટીને પણ આરોપી બનાવવામાં આવી છે. આમ આદમી પાર્ટી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ હવે પાર્ટીના પદાધિકારીઓની મુશ્કેલીઓ વધી શકે છે. પાર્ટીના સંયોજક હોવાના



નાતે અરવિંદ કેજરીવાલની મુશ્કેલી હજુ વધી શકે છે. ઈડીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, ’તેને આબકારી નીતિ મામલે આરોપીની કથિત આવકના સંબંધમાં અરવિંદ કેજરીવાલ અને હવાલા ઓપરેટરો વચ્ચે ચેટ અંગે જાણ થાય છે.’ તપાસ એજન્સીએ દાવો કર્યો કે, જ્યારે કેજરીવાલે પોતાના ફોન અને અન્ય ઉપકરણોનો પાસવર્ડ આપવાની ના પાડી તો હવાલા ઓપરેટરોએ ડિવાઈસથી ચેટ મેળવી.

સુપ્રીમ કોર્ટે દિલ્હી લિકર પોલિસી મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧ જૂન સુધી વચગાળાના જામીન આપી દીધા છે. જોકે, આ દરમિયાન તેઓ સીએમ ઓફિસ અને દિલ્હી સચિવાલય નહીં જઈ શકે. કોર્ટે કેજરીવાલને ૨ જૂને સરેન્ડર કરવાના નિર્દેશ આપ્યા હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફતેહપુરમાં ચૂંટણી રેલીમાં સંબોધન કરતા કહ્યું મેં તમને પહેલા જ કહ્યું હતું કે શહેજાદા કેરળના વાયનાડથી ભાગશે. જુઓ તે ભાગી ગયા કે નહીં. મેં તમને કહ્યું કે તે અમેઠીની તરફ જવાની હિંમત પણ નહીં કરે.

### વિસ્ફોટ પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી

# બિહારના છાપરામાં મદરેસામાં બ્લાસ્ટમાં એકનું મોત નિપજ્યુ

## બિહારના સારણ (છપરા) જિલ્લાના મોતીરાજપુર સ્થિત એક મદરેસામાં બ્લાસ્ટની ઘટના સામે આવી છે

। (એજન્સી) બિહાર, તા.૧૭ ।

બિહારના સારણ (છપરા) જિલ્લાના મોતીરાજપુર સ્થિત એક મદરેસામાં બ્લાસ્ટની ઘટના સામે આવી છે. આ બ્લાસ્ટમાં બે લોકો ઘાયલ થયાના સમાચાર છે. દરમિયાન આ ઘટનામાં મદરેસાના મૌલાના ઈમામુદ્દીન (૪૦)નું મોત થયું હતું અને મદરેસામાં ભણતો બાળક નૂર આલમ (૧૫) ઘાયલ થયો હતો. ઘટના બાદ સ્થળ ધોવાઈ ગયું છે. આ કેસમાં આરોપ છે કે પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.વિસ્ફોટ પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ વિસ્ફોટના કારણે થયું કે ફટાકડાના કારણે. ઘટના પહેલા મદરેસામાં ૧૨ બાળકો હતા પરંતુ બાદમાં ત્યાં કોઈ મળ્યું ન હતું. એફએસએલ આ મામલે તપાસમાં વ્યસ્ત છે.વિસ્ફોટની ઘટના બાદ કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા ગિરિરાજ સિંહે કહ્યું કે છપરાની ઘટનાએ સાબિત કર્યું કે બિહારમાં મદરેસા આતંકવાદનો અડ્ડો છે. અમે પહેલાથી જ કહી રહ્યા હતા કે બિહારમાં મદરેસા આતંકવાદીઓનો અડ્ડો છે.તે જ સમયે, ઈૈસેંસ નેતા અખ્તરુલ ઈમાને કહ્યું કે ચૂંટણીમાં મુસ્લિમો અને મદરેસાઓને બદનામ કરવાનું ષડયંત્ર છે. મદરેસામાં સાપને મારવા માટે લાકડી પણ નથી. મદરેસામાં બોમ્બ વિસ્ફોટ કોઈ ઊંડા કાવતરાનો ભાગ હોવાનું જણાય છે.

### પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાની ઘટના

# પ.બંગાળના માલદામાં વીજળી પડવાના કારણે ૧૧ લોકોનાં મોત

## વીજળી પડવાના કારણે ખેતરમાં જ લોકો સળગી ગયા

। (એજન્સી) માલદા, તા.૧૭ ।

પશ્ચિમ બંગાળના માલદામાં વીજળી પડવાના પગલે ગુરુવારે રાતે ૧૧ લોકોનાં મોત થયા હતા. એમ કહેવાઈ રહ્યું છે કે વીજળી પડવા દરમિયાન મૃત્યુ પામનાર આ તમામ લોકો ભારે પવન પછી પડેલા વરસાદ પગલે કેરીના આંબાઓ પરથી નીચે પડી ગયેલી કેરીઓને એકઠી કરવા માટે કેરીના બગીચાઓમાં ગયા હતા. માલદા તાલુકાના સત્તાવાળાઓએ પ્રત્યેક મૃતકોના પરિવારના સભ્યોને ૨ લાખ રૂપિયાની નાણાંકીય સહાય કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે સોશિયલ મીડિયા પર મમતા બેનર્જીએ પોસ્ટ કરી હતી. તેમણે કહ્યું કે મારી સહાનુભુતિ વીજળી પડવાના કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારની સાથે છે. હું ઘટનામાં જે લોકોને ઈજા થઈ છે, તેઓ ઝડપથી રિકવર થઈ જાય, તેવી પ્રાર્થના કરું છું. સાહાપુરમાં ચંદન સહાની, રાજ મરીધ્ધા, મનજીત મંડલ જ્યારે ખેતરમાંથી કેરીઓને એકત્રિત કરી રહ્યાં હતા, ત્યારે અચાનક જ તેમના માથા પર વીજળી પડતા તેમના મોત થયાં હતા. ગાજોલમાં આસિત સાહા પણ ખેતરમાં કેરી એકત્રિત કરી રહ્યાં હતા, ત્યારે તેમના માથા પર વીજળી પડતા તેમનું મોત થયું હતું. અતુલ મંડલ, શેખ સબરુલ, રાણા શેખ નિહાતુલામાં જ્યારે કેરી એકત્રિત કરતા હતા, ત્યારે તેમના માથા પર વીજળી પડતા, તેમનું મોત થયું હતું. જ્યારે સુમિત્રા મોડોલ, પંકજ મોડોલ ડાંગરના ખેતરમાં કામ કરી રહ્યાં હતા, ત્યારે તેમના માથા પર વીજળી પડી હતી અને તેમનું મૃત્યું થયું હતું. નયન રે અને પ્રિયંકા સિંહ શણના ખેતરમાં કામ કરી રહ્યાં હતા.

### રાયબરેલીની રેલીમાં સોનિયા ગાંધીની ભાવુક અપીલ

# હું તમને મારો દીકરો સોંપુ છું : કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી

## કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ શુક્રવારે રાયબરેલીમાં એક જનસભાને સંબોધિત કરી

। (એજન્સી) રાયબરેલી, તા.૧૭ ।

કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ શુક્રવારે રાયબરેલીમાં એક જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે લોકોને ભાવનાત્મક અપીલ કરી અને કહ્યું કે, ’હું મારા દીકરાને તમને સોંપી રહી છું.

તે તમને નિરાશ નહીં કરે.કોંગ્રેસે રાયબરેલી બેઠક પરથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે.રાહુલ ગાંધી કેરળની વાયનાડ અને ઉત્તર પ્રદેશની રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. સોનિયા ગાંધી સાથે તેમના પુત્ર અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હતા. તમારા પ્રેમે મને ક્યારેય એકલી પડવા દીધી નથી. રાયબરેલીમાં જનમેદનીને સંબોધતા કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ કહ્યું, "મારો ખોળો આખી જિંદગી તમારા પ્રેમ અને આશીર્વાદથી ભરેલો રહ્યો છે. મારી પાસે જે છે તે બધું તમારુ આપેલું છે.. હું તમને મારો દીકરો સોંપુ છું. જેમ તમે મને તમારી પોતાની માનો છો, તે જ રીતે રાહુલને પણ તમારો પોતાનો માનજો, રાહુલ આપને નિરાશ નહીં કરે

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. ઈન્દિરા ગાંધીના દિલમાં રાયબરેલી માટે અલગ જગ્યા હતી. મેં તેમને કામ કરતા જોયા છે. તેમને તમારા માટે અપાર પ્રેમ હતો. મેં રાહુલ અને પ્રિયંકાને એ જ શિક્ષણ આપ્યું છે જે ઈન્દિરાજી અને રાયબરેલીના લોકોએ મને આપ્યું છે.




**ન્યૂઝ બ્રિફ**

## વર્ગ-૩ના કર્મચારીઓ માટે મિલકતો જાહેર કરવાની તારીખ લંબાવાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓને સરકારે મોટી રાહત આપી છે. તેમના માટે મિલકતો જાહેર કરવાની તારીખ લંબાવવામાં આવી છે. રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૨૮મી ફેબ્રુઆરીએ કરેલા નિર્ણયનો અમલ કરવા કર્મચારીઓને સૂચના આપી છે. રાજ્ય સરકારના વર્ગ ૩ના કર્મચારીઓએ હવે વર્તમાન નાણાકીય વર્ષથી પોતાની મિલકત સંબંધિત વિગતો જાહેર કરવી પડશે. રાજ્ય સરકારના સારથિ પોર્ટલ પર વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીની વિગતો ભરવાનો સમય લંબાવવામાં આવ્યો છે. અગાઉ ૧૫ મે સુધી કામગીરી પૂરી કરવાનો સમય લંબાવવામાં આવ્યો હતો. હવે વર્ગ ૩ના કર્મચારીઓ માટે સમયમર્યાદા લંબાવીને ૧૫ જુલાઈ કરવામાં આવી છે. હવે તેઓ વર્ષ ૨૦૨૩ સુધીની મિલકતો સારથિ પોર્ટલ પર ભરી શકશે. રાજ્ય સરકારના વર્ગ ૩ના કર્મચારીઓની મિલકત સંબંધિત વિગતો સામાન્ય રીતે તેમના વિભાગ દ્વારા નિયમિત રીતે દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે. ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે આ માહિતી જાહેર કરવામાં આવે છે.

## માંગરોળના નરોલી ગામે એક પેપર મીલમાં આગ લાગવાની ઘટના સામે આવી

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

આજે સુરતમાં વધુ એક આગ લાગવાની ઘટના બની છે. સુરતના માંગરોળના નરોલી ગામે એક પેપર મીલમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. બારડોલી, માંડવી, સુમિલોન સહિતના ૧૦ ફાયર વિભાગની ટીમ હાલ સ્થળ પર પહોંચી છે. રાજ્યમાં અવારનવારા આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે સુરતમાં વધુ એક આગ લાગવાની ઘટના બની છે. સુરતના માંગરોળના નરોલી ગામે એક પેપર મીલમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. બારડોલી, માંડવી, સુમિલોન સહિતના ૧૦ ફાયર વિભાગની ટીમ હાલ સ્થળ પર પહોંચી છે. આગને કાબૂ લેવા માટે ફાયર વિભાગની ટીમ પાણીનો માર કરી રહી છે. જો કે આગ લાગવા પાછળનું કારણ હજુ અકબંધ છે.

## ૧૮મી જૂનના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર પેન્શન અદાલતનું આયોજન

। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના મુજબ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ૧૮ જૂન, ૨૦૨૪ (મંગળવાર)ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે ૧૮-૦૬૨૦૨૪ (મંગળવાર)ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/કૌટુંબિક પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ માં ૩૧.૦૫.૨૦૨૪ સુધી સબમિટ કરી શકે છે. કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો. જો કોઈ પેન્શનર ઈમેલ દ્વારા અરજી કરવા માંગે છે, તો તે આપેલ ઈમેલ ID-pensionada...@gmail.com પર પણ અરજી કરી શકે છે.



આણંદ એ.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા તાજેતરમાં આણંદ જિલ્લા વિસ્તારમાં આવેલ સરકારી કચેરીઓ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યું.

### ચારધામ યાત્રાને આ વર્ષે ગ્રહણ લાગ્યું

## ચારધામ યાત્રાએ ગયેલા ગુજરાતી પરિવારને અકસ્માત નડ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ચારધામ યાત્રાને આ વર્ષે ગ્રહણ લાગ્યું છે. મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા રસ્તાઓ જામ થયા છે. ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં તો ભક્તોને પગ મૂકવાની પણ જગ્યા નથી મળી રહી. આવામાં ગંગોત્રી તરફ જતા ગુજરાતી પરિવારની ગાડીને મોટો અકસ્માત નડ્યો હતો. બે ટેમ્પો ટ્રાવેલર એકસાથે ભટકાતા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ચાર ધામની યાત્રા દરમિયાન ગંગોત્રી જતા ગુજરાતી પરિવારોને અકસ્માત નડ્યો છે. ગઈકાલે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. બે ટેમ્પો ટ્રાવેલરના એક સાથે ટકરાતા અકસ્માત થયો હતો. એક ટેમ્પો ટ્રાવેલર પલટી મારી તો બીજો ટેમ્પો ટ્રાવેલર ભેખડ સાથે અથડાયો હતો. જેમાં દર્શનાર્થીઓને સામાન્ય ઈજાઓ હોવાથી નજીકના હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા



બાદ તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું હતું. ઉત્તરાખંડની ચારધામ યાત્રા પર નીકળેલા યાત્રાળુઓને બુધવારે પણ લાંબા જામમાંથી રાહત મળી નહોતી. જો કે રાજ્ય સરકારે મુસીબતો ઓછી કરવા માટે કેટલાક ઉપાય લાગુ જરૂર કર્યા છે. પણ તેની અસર એક-બે દિવસમાં જોવા મળશે. હાલ સૌથી વધારે મુશ્કેલી યમુનોત્રી અને ગંગોત્રીના માર્ગો પર છે. ચારધામ યાત્રામાં કિલો દહીંના રૂ.૨૦૦, બટેટાના ૧૦૦ રૂપિયા ભાવ વસૂલાઈ રહ્યાં છે.

### પોલીસે બે આરોપીની ધરપકડ કરી

## પૈસાની લેવડ-દેવડના વિવાદમાં બે મિત્રોએ પોતાના મિત્રની કરી હત્યા

### પોલીસે નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરાને સ્કેન કર્યા અને મૃતકની ઓળખ ઈમરાન કુરેશી તરીકે કરી

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સુરતના પૂના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અયોધ્યા ટેક્સટાઈલ અને કોહિનૂર ટેક્સટાઈલ માર્કેટ નજીકથી પોલીસને ધાબળામાં વીંટાળેલી લાશ મળી આવી હતી. પોલીસે તેને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તપાસ માટે, પોલીસે નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરાને સ્કેન કર્યા અને મૃતકની ઓળખ ઈમરાન કુરેશી તરીકે કરી. પ્રાથમિક તપાસમાં માથાના ભાગે ઘા મારીને હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.આ કેસમાં પોલીસે જતીન ખાખરીયા અને જિતેન્દ્ર ગૌતમ નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન બંને મૃતકના મિત્રો હોવાનું બહાર આવ્યું હતું. ઈમરાન કુરેશી પાસે જતીન પાસેથી આશરે સાડા ત્રણ લાખ રૂપિયા હતા.જેમાંથી ઈમરાને અમુક રકમ પરત કરી હતી અને બાકીના રૂ.૨૦માં પરત કરવાનું કહેતો હતો. આ બાબતે જતીન અને ઈમરાન વચ્ચે ઝઘડો થયો હતો.

આ પછી જતિને તેના મિત્ર જીતેન્દ્ર ગૌતમ સાથે મળીને ઈમાનની હત્યા કરી લાશને ધાબળામાં લપેટીને ફેંકી દીધી હતી.પોલીસે નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરાની તપાસ કરી અને આરોપી સુધી પહોંચી. આ પછી બંનેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. પોલીસનું કહેવું છે કે તેમને કોર્ટમાં રજૂ કર્યા બાદ બંનેને જેલમાં મોકલી દેવામાં આવશે.

### બે દિવસ ઓરેન્જ અને ત્રણ દિવસ યલો એલર્ટ

## હવામાન વિભાગ બાદ AMC એ જાહેર કર્યું એલર્ટ

### તા.૧૭ થી ૨૨ મે દરમિયાન હિટ વેવનો રાઉન્ડ હશે સરેરાશ તાપમાન ૪૨ થી ૪૪ નોંધાવાની શક્યતા છે

। અમદાવાદ, તા.૧૭ ।

હવામાન વિભાગ બાદ AMC એ એલર્ટ જાહેર કર્યું છે. આગામી બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ અને બાદના ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શનિવાર અને રવિવારે ૪૪ ડિગ્રી રહેવાનું અનુમાન છે, જ્યારે સોમવાર,મંગળવાર અને બુધવારના રોજ તાપમાન ૪૩ ડિગ્રી રહેવાનું અનુમાન છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા મુજબ, ૧૭ થી ૨૨ મે દરમિયાન રાજ્યમા તાપમાન ઉંચુ જોવા મળશે અને પવન નોર્મલ સ્પીડમા ઉત્તર પશ્ચિમના ફૂંકાશે. ૧૭ મેથી તાપમાનમાં વધારો જોવા મળશે અને ૪૨ થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાય એવી શક્યતા છે. ૧૭ થી ૨૨ મે દરમિયાન હિટ વેવનો રાઉન્ડ હશે. સરેરાશ તાપમાન ૪૨ થી ૪૪ નોંધાવાની શક્યતા છે. અમુક જગ્યાઓએ ૪૪ ડિગ્રીથી પણ વધુ તાપમાન નોંધાય એવી શક્યતા છે. પવનની ગતિ ૨૨ મે સુધી નોર્મલ રહેશે.

બનાસકાંઠામાં ભારે વરસાદ અને પવનથી ખેડૂતોના પાકોને મોટું નુકસાન પહોંચ્યું છે હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડું અને વરસાદ થતાં ખેડૂતોના બાજરી તેમજ પપૈયા જેવા તૈયાર પાકોનું શોથ વળી ગયો હતો અને જેના કારણે ખેડૂતોને લાખોનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર ગુજરાતમાં વાવાઝોડા અને વરસાદ વરસી રહ્યો છે ત્યારે બનાસકાંઠામાં પણ ગઈકાલે આવેલા ભારે વાવાઝોડા અને વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનું વારો આવ્યો છે. બનાસકાંઠાનાં પાલનપુર તાલુકાના ધાણધા જલોત્રા સહિતના ગામડાઓ નાં ખેડૂતો પપૈયા ની ખેતી કરી રહ્યા છે અને બાજરીનું પણ વાવેતર કર્યું છે ત્યારે ભારે પવન અને કરા સાથે પડેલા વરસાદે વિનાસ વેર્યો છે અને ખેડૂતોના પપૈયા અને બાજરી સહિતના પાકોને ભારે નુકસાન પહોંચાડ્યું છે..ધાણધા ગામે લક્ષ્મણ ભાઈ પટેલે ૧૨ હજાર થી વધુ પપૈયાના છોડ નું વાવેતર કર્યું હતું..ત્યારે વાવાઝોડા થી ૭ હજાર થી વધુ છોડ નષ્ટ પામતા ખેડૂત ને ૧૦ થી ૧૨ લાખનું નુકશાન થયું છે.





સીઈઓ ગુજરાત અને ડીઈઓ ગાંધીનગરએ ઈવીએમ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી અને ગાંધીનગરમાં સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

## ગોત્રીમાં બિલ્ડર દંપતીએ ૧૬૦થી વધુ લોકોને ઠગ્યા, પતિની ધરપકડ

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

વડોદરામાં ફરી એક વાર ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના ગોત્રીમાં બિલ્ડરે ૧૬૦થી વધોરે લોકોને છેતર્યા હોવાની ઘટના છે. રોકાણકારોને બિલ્ડર દંપતી ભીખુ કોરિયા અને શિલ્પા કોરિયા છેલ્લાં ૫ વર્ષથી મકાન કે દુકાનનું પઝેશન આપી રહ્યાં નથી. ૧૦૦થી વધુ લોકોનું ટોળુ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ઘુસી ગયુ હતુ. ટોળાએ પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસ પર બિલ્ડર વિરૂદ્ધ ફરિયાદ ન નોંધવાનો લોકોએ આરોપ લગાવ્યો છે. ગોત્રીમાં આવેલા કિશન એમ્બ્રોસિયા સ્કીમના બિલ્ડર દંપતીનું આ કારસ્તાન કર્યુ છે. લોકોએ જીવનભરની કમાયેલી મૂડી ઘર અને દુકાનમાં રોકી, બિલ્ડરે રોવડાવ્યા છે.

### ભાટ ખાતે નવા એસટીપી સ્થાપવાની હિલચાલ વેગવંતી બની

## સાબરમતીમાં ગંદુ-પ્રદૂષિત પાણી જતું રોકવા પાંચ નવા STPનું આયોજન

### રિવરફ્રન્ટ બનાવવના લીધે સાબરમતીમાં દૂષિત પાણી છોડવાનું પહેલાં કરતાં ઘણું ઓછું થઈ ગયું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા સાબરમતીને પ્રદૂષિત થતી અટકાવવા માટે પાંચ નવા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન (એસટીપી) નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરમતી નદી શહેરની મધ્યમાંથી પસાર થાય છે. રિવરફ્રન્ટ બનાવવના લીધે સાબરમતીમાં દૂષિત પાણી છોડવાનું પહેલાં કરતાં ઘણું ઓછું થઈ ગયું છે. આમ છતાં હજી પણ તેમા નોંધપાત્ર પ્રમાણમાં કચરો ઠલવાય છે તે જોતાં આગામી સમયમાં શહેરમાં પાંચ એસટીપી સ્થાપવામાં આવનારા છે. આના પગલે મોટેરા, સાબરમતી, ન્યુ ચાંદખેડા, કોટેશ્વર, ભાટ ખાતે નવા એસટીપી સ્થાપવાની હિલચાલ વેગવંતી બની છે. આ માટે ૧૨૦થી ૧૮૦ એમએલડીની ક્ષમતાના નવા એસટીપી પ્લાન્ટ બનાવવા માટે પ્લોટ મેળવવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. સાબરમતી નદીમાં વધતા જતાં પ્રદૂષણના મામલે ગુજરાત હાઈકોર્ટે એએમસી અને જીપીસીબીની આકરી ઝાટકણી કાઢી છે. તેના પછી નદીને શુદ્ધ કરવા, શુદ્ધ રાખવા અને શહેરના પર્યાવરણમાં સુધારો કરવા નવા એસટીપી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

હાલ શહેરમાં એએમસીના કુલ ૧,૨૫૨ એમએલડીની ક્ષમતા ધરાવતા ૧૪ એસટીપી છે. તેની સામે શહેરોમાં લગભગ ૧,૭૦૦ એમએમલડી ગટરનું પાણી દૈનિક ધોરણે છોડવામાં આવે છે. આમ એએમસીના એસટીપીમાં લગભગ ૧,૧૦૦



એમએલડી પાણી ટ્રીટ કરવામાં આવે છે. બાકીનું ૬૦૦ કરતાં પણ વધુ એમએલડી પાણી ટ્રીટ કર્યા વગર જ નદીમાં છોડવામાં આવતું હોવાથી નદીનું પ્રદૂષણ વધે છે. આ ઉપરાંત એએમસીએ કરોડોના ખર્ચે મહત્વાકાંક્ષા પ્રોજેક્ટ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ હાથ ધરાયો છે. તેના બંને છેડાની કામગીરી ચાલી રહી છે. આ સંજોગોમાં હવે જો ગંદુ પાણી નદીમાં ઠલવાય તો રિવરફ્રન્ટના પ્રોજેક્ટ પર પણ અસર પડી શકે છે.

## કચ્છમાં મીઠાની જમીન મામલે ગોળીબાર થયો

### ફાયરિંગ બાદ ઘાયલો પર ગાડી ચડાવી કચડી નાખવાનો પ્રયાસ : ૧૭ આરોપી હજુ ફરાર

। (એજન્સી) કચ્છ, તા.૧૭ ।

કચ્છના રણમાં મીઠું પકવવાની જમીન કબજે લેવા બાબતે થયેલા ગોળીબાર તથા હિંસક હુમલામાં એકનું મોત નિપજ્યું છે જ્યારે ત્રણ વ્યક્તિ લોહીલુહાણ થઈ હતી. પાંચ ગાડીઓ ભરીને આવેલા એક જૂથે બીજા જૂથ પર ધડાધડ ફાયરિંગ કર્યું હતું. જેમાં એક વ્યક્તિને માથામાં ગોળી વાગતા ઘટનાસ્થળે જ ઢળી પડ્યો. ગોળી માર્યા બાદ હોસ્પિટલમાં લઈ જવાતા ઈજાગ્રસ્તને ગાડીથી કચડવાનો પણ પ્રયાસ કરાયો હતો. પોલીસે ૧૭ જેટલા આરોપી સામે હત્યા સહિતના ગુનાની ફરિયાદ નોંધી તમામને પકડી લેવા કવાયત હાથ ધરી છે. શિકારપુર નજીક રણમાં જ્યાં ઘુડખર અભ્યારણ વિસ્તારમાં આવેલા છે, તે વિસ્તારમાં મીઠાના જૂના કારખાના પર કબજો જમાવવા બાબતે હિંસક ધીંગાણામાં ત્રણ લોકો પર આરોપીઓએ બોલેરો ગાડી ચડાવી હત્યા નિપજાવવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે કાનમેરના ફરિયાદી મગનભાઈ ગોહિલે સામખિયાળી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ સોમવારે બપોરે ફરિયાદી સહિત ૧૧ લોકો શિકારપુર નજીકના રણમાં આવેલા મીઠાના જૂના કારખાના પર ગયા હતા. દરમિયાન સાંજે ૪.૩૦ના આરસામાં આરોપી ભરત દેવા ભરવાડ, ભરત રવા વાઘેલા, સબરા પાલા વાઘેલા, દેવા કરશન ડોડિયા, ઈશ્વર રજપૂત, શક્તિ ડાયા ડોડિયા, બળદેવ ગેલા રજપૂત, રાયપણ ઉસેટિયા, વિજય રાયધણ ઉસેટિયા, કાજા અમરા રબારી, વિરમ રબારી, સતીષ કલા ભરવાડ, લખમણ દેવા ભરવાડ, અજા ટપુ ભરવાડ, રૂપા ટપુ ભરવાડ, થાવર આંબા રબારી અને સવા રતના રબારી બોલેરો અને કાર લઈને આવ્યા હતા. બંદૂક, ધારિયા અને ધોકા સહિતનાં હથિયારો પણ સાથે લાવ્યાં હતાં. આરોપીઓએ મીઠાના જૂના કારખાનાવાળી જગ્યા ખાલી કરી દેવાનું કહી ધમકી આપી હતી.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

# કંબોડિયા અને લાઓસની મુસાફરી કરતા ભારતીયો માટે એડવાઇઝરી જાહેર

## લાઓસ અને કંબોડિયામાં એજન્ટો આકર્ષક નોકરી આપવાના નામે વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારત સરકારના વિદેશ મંત્રાલયે કંબોડિયા અને લાઓસની મુસાફરી કરતા ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે. કેન્દ્ર સરકારે શુક્રવારે એકવાર ફરી પોતાના નાગરિકોને લાઓસ અને કંબોડિયા સહિત દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં સ્કેમર્સ તરફથી નોકરી આપવામાં થઈ રહેલી છેતરપિંડીને ધ્યાનમાં રાખીને ચેતવણી આપી હતી. નોમ પેન્હ અને લાઓસમાં ભારતીય દૂતાવાસ તરફથી જાહેર કરાયેલી એડવાઈઝરીમાં સરકારે ક્ષેત્રમાં એક્ટીવ નકલી એજન્ટો અંગે ચેતવણી આપી છે. આ એજન્ટો આકર્ષક નોકરી આપવાના નામે વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરી રહ્યા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે તમામ ભારતીય નાગરિકો કે જેઓ કંબોડિયા અને દક્ષિણપૂર્વ એશિયાઈ પ્રદેશમાં નોકરી માટે જઈ રહ્યા છે, તેઓને સલાહ આપવામાં આવે છે કે આ પ્રદેશમાં ઘણા નકલી એજન્ટો કાર્યરત છે, જેઓ ભારતમાં એજન્ટો સાથે મળીને લોકોને કૌભાંડ આચરનારી કંપનીઓમાં સામેલ કરવાની લાલચ આપી રહ્યા છે જે ખાસ કરીને સાયબર ગુનાઓમાં સામેલ છે. તાજેતરની એડવાઈઝરીમાં, સરકાર ખાસ કરીને કંબોડિયામાં શંકાસ્પદ



નોકરીની ઓફર સામે ચેતવણી આપે છે, જ્યાં કૌભાંડી કંપનીઓ, ઘણીવાર સાયબર ગુનાઓમાં સામેલ હોય છે, અસંદિગ્ધ પીડિતોનું શોષણ કરે છે. એવા કિસ્સાઓ સામે આવ્યા છે કે જેમાં ભારતીયોને કથિત રીતે લાઓસમાં, ખાસ કરીને ગોલ્ડન ટ્રાયેન્ગલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં નોકરીની ઓફરોથી લલચાવવામાં આવે છે. નવી એડવાઈઝરીમાં સરકારે ખાસ કરીને કંબોડિયામાં સંદિગ્ધ નોકરીની ઓફર સામે ચેતવણી આપી હતી. અહી છેતરપિંડી આચનારી કંપનીઓ સાયબર ગુનાઓમાં સામેલ હોય છે. આ કંપનીઓ પીડિતોનું શોષણ કરે છે. એવી અનેક ઘટનાઓ સામે આવી છે જેમાં ભારતીયોને કથિત રીતે લાઓમાં ગોલ્ડન ટ્રાયંગલ વિશેષ આર્થિક ક્ષેત્રમાં નોકરીની લાલચ આપવામાં આવે છે. ડિજિટલ સેલ્સ એન્ડ માર્કેટિંગ એક્ઝિક્યુટિવ્સ અને કસ્ટમર સપોર્ટ સર્વિસ જેવા પદો માટે આ નકલી ઓફર સારા પગાર, રહેવાની સગવડ અને વિઝા સુવિધા સહિતની આકર્ષક સુવિધાઓ સાથે આપવામાં આવે છે. જો કે, લોકો પાછળથી અહી શારીરિક અને માનસિક ત્રાસનો સામનો કરે છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે જે કોઈ પણ વ્યક્તિ કંબોડિયામાં નોકરી કરે છે તેઓ ફક્ત ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા માન્ય એજન્ટો મારફતે કરવું જોઈએ. નોકરી ઈચ્છતા લોકો cons .phnompenh@mea. gov.in અને yisa. phnompenh@mea.gov.in ઈમેઈલ આઈડીના માધ્યમથી ભારતીય દૂતાવાસનો સંપર્ક કરી શકે છે.

---

## ન્યૂઝ બ્રિફ

### કતરણથી ભરેલી એક બોરી રસ્તા પર પડેલી મળી આવી



। (એજન્સી) ઉન્નાવ, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં કતરણથી ભરેલી એક બોરી રસ્તા પર પડેલી મળી આવી હતી. કરન્સી કતરણથી ભરેલી બોરી જોઈને ત્યાંનાં લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. આ કરન્સીની થેલી ક્યાંથી આવી? આ કાળું નાણું છે, જેનો નાશ કરીને રસ્તા પર આકસ્મિક રીતે ફેંકી દેવામાં આવી છે? જેવા જાત જાતના પ્રશ્નો લોકો કરી રહ્યા છે. રસ્તાના કિનારે પડેલી આ બોરીનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કાઢી નાખવામાં આવેલી કતરણમાં ૧૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની નોટો સામેલ છે. પોલીસે કહ્યું કે આ મામલો ધ્યાનમાં લેવામાં આવ્યો છે. આ નોટોની કતરણની તપાસ કરવામાં આવી રહી છે.રસ્તાના કિનારે પડેલી પ્લાસ્ટિકની થેલીમાં ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટોની કતરણ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ બોરી છેલ્લા ત્રણ દિવસથી આ રીતે પડી છે. આ સમાચાર ફેલાતાની સાથે જ નોટોની કતરણ જોવા માટે લોકોની ભીડ એકઠી થવા લાગી. ઘણા લોકો તેમના પરિવારના સભ્યોને બતાવવા માટે તેમના બોરીમાંથી નોટોની નાની કતરણ પણ લઈ જઈ રહ્યા છે.

### સ્કુલમાંથી ચાર વર્ષના વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો




। (એજન્સી) પટના, તા.૧૭ ।

બિહારની રાજધાની પટનાની એક ખાનગી સ્કુલમાં ગુરુવારે ગુમ થયેલા એક સ્કુલના વિદ્યાર્થીનું શબ નાળામાંથી મળ્યું છે. તેના પગલે હાલ આ વિસ્તારમાં બબાલ જોવા મળી રહી છે. એમ કહેવાઈ રહ્યું છે કે સ્કુલના નાળામાંથી જ સ્કુલ ડ્રેસમાં એક વિદ્યાર્થીનું શબ મળ્યું છે. તેના પગલે મોટી સંખ્યામાં હાલ એકત્રિત થયા છે. તેના પગલે પોલીસ પણ હાલ ઘટના સ્થળે મોટી સંખ્યામાં પહોંચી છે. હાલ લોકોમાં આ ઘટનાને લઈને રોષ છે અને તેના પગલે તેઓ રસ્તાઓને જામ કરીને વિવિધ વસ્તુઓને સળગાવી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે બાળક ગઈકાલથી ગુમ હતો અને તેની સતત શોધખોળ ચાલી રહી હતી. આ છોકરાની ઉંમર ચાર વર્ષની હતી. છોકરાનું શબ મળ્યા પછીથી ભેગી થયેલી ભીડે બબાલ કરી હતી. અસમાજિક તત્વોએ કાયદાને પોતાના હાથમાં લીધો હતો અને પટના દાનાપુર રોડને જામ કરવાની સાથે જ આગ પણ લગાડી હતી. આ સિવાય દીધા આશિયાના રોડને પણ જામ કરી દેવામાં આવ્યો હતો.

---

### એર ઈન્ડિયાની ફ્લાઈટ રનવે પર ટગ ટ્રેક્ટર સાથે અથડાઈ

# પુણે એરપોર્ટના રનવે પર દિલ્હી જતી ફ્લાઈટને અકસ્માત નડ્યો

### એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ૧૮૦ મુસાફરો સવાર હતા એરક્રાફ્ટને નુકસાન પરંતુ કોઈ મુસાફરને ઇજા નહીં

। (એજન્સી) પુણે, તા.૧૭ ।

૧૮૦ મુસાફરો સાથે દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૬ મેના રોજ પુણે એરપોર્ટના રનવે પર ટગ ટ્રેક્ટર સાથે અથડાઈ હોવાની માહિતી મળી છે. અથડામણને કારણે વિમાનને નુકસાન થયું હોવા છતાં મુસાફરોને કોઈ ઈજા થઈ ન હતી. “લગભગ ૧૮૦ મુસાફરોને લઈ જતા વિમાનને તેના નાક અને લેન્ડિંગ ગિયરની નજીકના ટાયરને નુકસાન થયું હતું. અથડામણ છતાં, બોર્ડ પરના તમામ મુસાફરો અને ક્રૂ સલામત હોવાનું અહેવાલ છે,” એરપ



ોર્ટ અધિકારીએ જણાવ્યું હતું. દુર્ઘટના બાદ મુસાફરોને વિમાનમાંથી નીચે ઉતારી દેવાયા હતા. મુસાફરો એરપ ોર્ટ પર અટવાયેલા હોવાથી તેમની માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) એ અથડામણનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે, પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે ટગ ટ્રક, જે જમીન પર એરક્રાફ્ટને દાવપેચ કરવા માટે વપરાય છે, ટેક્સી પ્રક્રિયા દરમિયાન પ્લેન સાથે અથડાઈ હતી. એરપોર્ટની કામગીરી નોંધપાત્ર વિક્ષેપ વિના ચાલુ રહી, જોકે અસરગ્રસ્ત એરક્રાફ્ટને ટૂંકા ગાળા માટે વિગતવાર નિરીક્ષણ અને સમારકામ માટે સેવામાંથી દૂર કરવામાં આવ્યું હતું અને હવે તે કામગીરી માટે તૈયાર છે. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે એરલાઈને સંપૂર્ણ રિફંડ અને કોમ્પ્લીમેન્ટરી રીશેડ્યુલિંગની વ્યવસ્થા કરી છે.

---

### મોદીએ યુપીના બારાબંકીમાં એક રેલીને સંબોધતાં કહ્યું

# જો સપા અને કોંગ્રેસ સત્તામાં આવશે તો રામલલા ફરી એકવાર તંબુમાં જતા રહેશે

### પીએમ મોદીએ કહ્યું કે જેમ જેમ ચૂંટણી આગળ વધી રહી છે તેમ તેમ I.N.D.I.A. ગઠબંધનના સભ્યો તૂટવાં લાગ્યા છે

। (એજન્સી) બારાબંકી, તા.૧૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સામે તીખાં પ્રહાર કરતાં કહ્યું કે જો I.N.D.I.A. ગઠબંધન સત્તામાં આવશે તો આ લોકો અયોધ્યામાં રામમંદિર પર બુલડોઝર ફેરવી નાખશે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે સપા-કોંગ્રેસના નેતાઓએ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથથી એ શીખવા માટે ટ્યૂશન લેવું જોઈએ કે બુલડોઝર ક્યાં ચલાવવું છે? પીએમ મોદીએ યુપીના બારાબંકીમાં એક રેલીને સંબોધતાં કહ્યું કે જો સપા અને



કોંગ્રેસ સત્તામાં આવશે તો રામલલા ફરી એકવાર તંબુમાં જતા રહેશે અને તે રામમંદિર પર બુલડોઝર ફેરવી નાખશે. તેમણે યોગીથી ટ્યૂશન લેવું જોઈએ કે બુલડોઝર ક્યાં ફેરવવું છે અને ક્યાં નહીં? પીએમ મોદીએ કહ્યું કે ભાજપના નેતૃત્વ હેઠળનું ગઠબંધન દેશની ભલાઈ માટે કામ કરી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે જેમ જેમ ચૂંટણી આગળ વધી રહી છે તેમ તેમ I.N.D.I.A. ગઠબંધનના સભ્યો તૂટવાં લાગ્યા છે. ભાજપની હેટ્રિકનો દાવો કરતાં પીએમ મોદીએ કહ્યું કે I.N.D.I.A. ગઠબંધન દેશમાં અસ્થિરતા પેદા કરવા માટે લોકસભા ચૂંટણી લડી રહ્યું છે. અખિલેશ સામે કટાક્ષ કરતાં પીએમ મોદીએ કહ્યું કે અખિલેશને મમતા બેનરજીના સ્વરૂપમાં નવા ફોઈ મળી ગયા છે. તે બંગાળમાં છે. ફોઈએ કહી દીધું છે કે તે I.N.D.I.A. ગઠબંધનને ટેકો આપશે પણ બહારથી જ.

---




પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સચિવ શ્રીમતી નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે સ્ટીલ મંત્રાલય દ્વારા આયોજિત “ફોર્જિંગ સસ્ટેનેબિલિટી ઇન સ્ટીલ સેક્ટર” પરના રાષ્ટ્રીય કાર્યશાળામાં સ્ટીલ મંત્રાલયના સચિવ શ્રી નાગેન્દ્ર નાથ સિન્હાની હાજરીમાં લીના નંદન દીપ પ્રગટાવે આવ્યું હતું.

---

### ઘાટકોપર હોર્ડિંગ ક્રેશ સાઇટ પર મળી આવ્યા મૃતદેહ

# મુંબઇ હોર્ડિંગ દુર્ઘટનામાં નિવૃત્ત ATC ના અધિકારી અને પત્નીનો મૃતદેહ મળ્યો

### દંપતિના અંતિમ સંસ્કાર યુએસમાં રહેતા પુત્ર દ્વારા કરાયા



। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

ઘાટકોપર હોર્ડિંગ ક્રેશ સાઈટ પરથી બુધવારે મોડી રાત્રે જે બે મૃતદેહો મળી આવ્યા હતા તેમની ઓળખ મનોજ ચાન્સોરિયા તરીકે થઈ હતી, જેઓ માર્ચમાં એર ટ્રાફિક કંટ્રોલ (ATC) માં જનરલ મેનેજર તરીકે નિવૃત્ત થયા હતા અને પત્ની અનિતા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતદેહો સડી ગયેલી હાલતમાં હતા. સોમવારે એમપીમાં જબલપુરમાં તેમના વતન જઈ રહેલા દંપતી ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. ચાણસોરીયાના સેલફોનનું છેલ્લું સિગ્નલ પેટ્રોલ પંપ પર ટ્રેસ થયું હતું. ATCના જવાનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. એવી શંકા છે કે દંપતી આગળ આગળ વધતા પહેલા ઈંધણ ભરવા માટે સ્થળ પર રોકાઈ ગયું હતું. બીએમસીના એક અધિકારીએ જણાવ્યું હતું કે જે રીતે હોર્ડિંગ પડી ગયું હતું, તે જોતા સંભવ છે કે તેઓ તરત જ મૃત્યુ પામ્યા હશે. સોમવારે સાંજે ધૂળના તોફાન દરમિયાન અકસ્માતના ૬૦ કલાકથી વધુ સમય પછી ગુરુવારે શોધ અને બચાવ કામગીરી બંધ કરવામાં આવી તે પહેલાં તેઓ છેલ્લા બે પીડિતો હતા. ૭૫ થી વધુ ઘાયલો સાથે આંકડો ૧૬ પર હતો. BMCના વડા ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે કાટમાળ હટાવવાનું કામ ચાલુ રહેશે, જેના પગલે તપાસ માટે સ્થળને સીલ કરવામાં આવશે. સ્થળ પર સર્ચ ઓપરેશનમાં સામેલ બીએમસીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે બચાવ ટીમો કાર સુધી પહોંચવામાં સફળ રહી હતી જેમાં તેમના પીડિતો ફસાયા હતા, પરંતુ ક્રેશની ગંભીર અસરને કારણે તેમને બહાર કાઢવું મુશ્કેલ હતું. એક મોટી ટીમે મૃતદેહોને સુરક્ષિત રીતે બહાર કાઢવા પર જ કામ કર્યું હતું. અધિકારીએ કહ્યું, “હોર્ડિંગ એવી રીતે પડ્યું કે તે કદાચ તેમને તેમની કારની બેઠકો પર પાછળ ખેંચી ગયું. તે ખૂબ જ સંભવ છે કે તેઓ તરત જ મૃત્યુ પામ્યા હોય,” અધિકારીએ જણાવ્યું હતું. એનડીઆરએફના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ (ઓપરેશન્સ) પ્રવિણ ધતે જણાવ્યું હતું કે, “બે ગુમ થયેલા વ્યક્તિઓના સંબંધીઓએ સિવિક સત્તાવાળાઓને તેમના મોબાઈલ લોકેશનને સાઈટ પર ટ્રેસ કર્યાની જાણ કરી હતી અને તેથી, અમે તેમને શોધવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા. જોકે, પેટ્રોલ પંપ પર હોર્ડિંગ સપાટ પડી ગયું હતું, તે બંનેને શોધવાનું વધુને વધુ મુશ્કેલ બન્યું હતું, અમે સ્થળની નજીક પહોંચ્યા, એક દુર્ગંધ મળી અને અમને સમજાયું કે બંને ત્યાં હોઈ શકે છે.”

---

### શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત

# ઉત્તરાખંડ સરકારે ૩૧મી મે સુધી વીઆઈપી દર્શન પર પ્રતિબંધ મુક્યો

। (એજન્સી) દેહરાદુન, તા.૧૭ ।

ચારધામ યાત્રા પર ભીડ વધવાના કારણે ઉત્તરાખંડ સરકારે મોટો નિર્ણય લીધો છે. ઉત્તરાખંડ સરકારે ૩૧મી મે સુધી વીઆઈપી દર્શન પર પ્રતિબંધ મુકાયો છે. આ સાથે હરિદ્વાર અને ઋષિકેશમાં ઓફલાઈન રજીસ્ટ્રેશન ૧૯મી મે સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચારધામ યાત્રા ૧૦મી મેના રોજ શરૂ થઈ હતી. મુખ્ય સચિવ રાધા રાતુરીએ ૩૧મી મે સુધી VIP દર્શન પર પ્રતિબંધ મૂકતો પત્ર જાહેર કર્યો છે. આ ઉપરાંત સરકારે ચારધામના સરળતાથી દર્શન કરવા



માટે શ્રદ્ધાળુઓનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરી દીધુ છે. હવે જે દિવસે રજીસ્ટ્રેશન થયું છે તે જ દિવસે દર્શન થશે. આ પહેલા ૩૦મી એપ્રિલે રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને ૨૫મી મે સુધી વીઆઈપી દર્શનની વ્યવસ્થા રોકવાનો આદેશ આપ્યો હતો.

---

### કેરળના કાઝીકોડાથી સામે આવ્યો વિચિત્ર કિસ્સો

# બાળકીની વધારાના આંગળી દૂર કરવાની જગ્યાએ ડોક્ટરે તેની જીભ જ કાપી નાંખી

। (એજન્સી) કાઝીકોડા, તા.૧૭ ।

કેરળના કાઝીકોડામાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહીં એક બાળકીની આગણીઓનું ઓપરેશન કરવાની જગ્યાએ ડોક્ટરે તેની જીભનું ઓપરેશન કરી નાંખ્યું છે. આ ઘટના બાદ હાલ ડોક્ટર સામે લોકોનો રોષ જોવા મળ્યો છે. પ્રશાસને ડોક્ટરને હાલ સસ્પેન્ડ કરી દીધા છે. બાળકીને કાઝીકોડા મેડિકલ કોલેજાની હોસ્પિટલમાં તેની વધારાની છઠ્ઠી આગળીને દૂર કરવા માટે દાખલ કરવામાં




આવી હતી. જોકે બાળકીને જ્યારે ઓપ રેશન થિયેટરમાંથી બહાર લાવવામાં આવી ત્યારે તેનો પરિવાર શોકમાં ધકેલાઈ ગયો હતો. બાળકીની વધારાની આગળીને દૂર કરવાની જગ્યાએ ડોક્ટરે તેની જીભનું ઓપરેશન કરી દીધું હતું.

---

# કેદારનાથ ધામમાં ૧૦વાળી ચા ૩૦ રૂપિયામાં વેચાય છે

। દહેરાદૂન, તા.૧૭ ।

ચારધામ યાત્રાની શરુઆત થઈ ચુકી છે. તેની સાથે અહીં ટૂરિસ્ટની ભારે ભીડ જોવા મળી રહી છે. દરરોજ અહીં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર કેદારનાથ યાત્રા દરમ્યાન ભારે ભીડની ઝલક જોવા મળી હતી. લોકોને આગ્રહ કર્યો છે કે, થોડા સમય માટે યાત્રાને ટાળી દેવામાં આવે. ફક્ત પગપાળા દર્શન માટે જતાં શ્રદ્ધાળુઓથી સામાન્ય સ્થિતિ બની રહી છે. આ દરમ્યાન હવે કેદારનાથનો વધું એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક શખ્સે કેદારનાથમાં



ખાવા-પીવાની વસ્તુઓના પ્રાઈઝ શેર કરી છે. આમ તો ખાદ્ય પદાર્થના ભાવ પહાડો પર વધી જાય છે. ત્યારે આવા સમયે કેદારનાથમાં તેની કિંમતોમાં ભડકો જોવા મળી રહ્યો છે. જે સામાન તમે સામાન્ય રીતે દસ રુપિયામાં ખરીદી શકો છો, તેના અહીં ત્રીસ રુપિયા લેવામાં આવે છે. શખ્સે એક આઈટમની પ્રાઈસ ખુદ દુકાનદારને પૂછીને લોકોને જણાવી છે. વીડિયો દ્વારા શખ્સે કેદારનાથમાં ચાથી લઈને કોલ્ડડ્રિંકના ભાવ બતાવ્યા છે. અહીં દસ રુપિયાની ચા ત્રીસ રુપિયામાં મળે છે, દસની કોફી પચાસમાં વેચાય છે. તેની સાથે મેગી સિતેર, ઢોસા દોઢસો રૂપિયા તો કોલ્ડડ્રિંકની ૨૦ રૂપિયાવાળી બોટલના ૫૦ રૂપિયા લેવામાં આવે છે. પાણીની ૨૦વાળી બોટલ માટે તમારે ૧૦૦ રૂપિયા સુધી ખર્ચ કરવો પડશે. સમોસાનો ભાવ અહીં ત્રીસ રુપિયા થઈ જાય છે. આવી જ ખાવાની દરેક વસ્તુના ભાવ ડબલથી પણ વધારે આપવા પડશે. જો કે, આ વીડિયો દ્વારા દરેક આઈટમની પ્રાઈઝ બતાવ્યા બાદ આખરે શખ્સે તેની પાછળનું કારણ પણ જણાવ્યું છે.

## તંત્રી લેખ...

# સારા વ્યક્તિનો સાથ હોય તો સદ્‌ગુણોનો વિકાસ થાય છે

સારા વ્યક્તિનો સાથ હોય તો સદ્‌ગુણોનો વિકાસ થાય છે. એનાથી વ્યક્તિ વિનમ્ર બની જાય છે. જ્યારે ખરાબની સંગતિમાં વ્યક્તિ ઉદ્દંડ બની જાય છે. આપણા નજીકના લોકોના જીવનમાં ડોકિયું કરવાથી ખબર પડશે કે સારા લોકોના સાન્નિધ્યથી જે કોઈમાં ઉદ્દંડતા હતી, તેમનામાં વિનમ્રતા આવી ગઈ. તેમની બુરાઈઓ પર પણ વિરામ લાગી ગયું. જ્યાં સંગતિ સારી નથી હોતી, ત્યાં વિનમ્ર વ્યક્તિ પણ ઉદ્દંડ બની જાય છે. આપણા દૈનિક જીવનમાં ચાલનારા અપ્રત્યક્ષ સંગ્રામને કોઈ હથિયારથી નહીં, પરંતુ પોતાની ભીતર છૂપાયેલી શક્તિથી જ જીતી શકાય છે. સ્વામી વિવેકાનંદના આ કથન અનુસાર કે જ્યારે પ્રેરણા ભીતરથી આવશે, ત્યારે જ તમે સારપ તરફ ઉન્મુખ થઈ શકશો. એમ ન વિચારશો કે તમે સારા નહીં બની શકો. કન્ફ્યૂશિયસે કહ્યું છે કે મહાન વ્યક્તિ જે ચીજોને શોધે છે, તે તેમને પોતાની ભીતરથી જ મળી જાય છે. કમજોરો જ બીજાના મોં સામે વકાસે છે. આચાર્ય મહાપ્રજ્ઞે પણ કહ્યું છે કે આત્મપ્રેરિત માણસ ક્યારેય ખાલી નથી બેસતો. તે ખુદને અને બીજાને પણ સુખી બનાવે છે. એક વ્યક્તિ પ્રકૃતિથી વિનમ્ર હોયછે, પરંતુ તેને ખોટી શિખામણ મળી કે તું તો મોટો માણસ છે, તારી પાસે ઘણું ધન છે, તારે શું કરવાની જરૂર છે, આવી ખોટી શિખામણ તેને અહંકારી બનાવી દે છે. જે અહંકારી બની જાય છે તે પતનના રસ્તે આગળ વધે છે. પતનનો સૌથી સરળ માર્ગ અહંકારી થઈ જવું છે. બુરાઈના રસ્તા તો દરેક વળાંકે મળી જ જાય છે, પરંતુ સારપનો રસ્તો ભીતરથી થઈને જ નીકળે છે. તેથી પોતાને પોતાનો સાક્ષાત્કાર જરૂરી છે. જ્યારે તમને અંદરથી સારા બનવાની પ્રેરણા મળે છે તો તમને સંભાવનાઓનો અનંત અવકાશ નજરે પડે છે. આ પ્રેરણાને કારણે જ તમે વધુને વધુ સારા બનવા ઉત્સુક થાવ છો. આ આંતરિક પ્રેરણા સફળતાની નજીક લઈ જાય છે. સારું વ્યક્તિત્વ કોઈ વ્યાખ્યામાં બંધાતું નથી. સારાં વ્યક્તિત્વનાં ખ્યાલો વ્યક્તિ વ્યક્તિએ ભિન્ન હોય છે. કોઈને અંતર્મુખી વ્યક્તિ ગમે છે; કોઈને બહિર્મુખી વ્યક્તિ ગમે છે. આપણને એવી વ્યક્તિ ગમે છે, એવાં ગુણોવાળા માણસો ગમે છે, જે આપણાંમાં ખૂટે છે. આપણે એનાં જેવું વ્યક્તિત્વ ધરાવતા હોઈએ તો કેવું સારું, એમ લાગે છે. ખરું પૂછો તો, આપણે પરસ્પરના પૂરક વ્યક્તિત્વો છીએ. અને એમાં કંઈ ખોટું નથી. અને, એમ ત્યારે જ થાય જ્યારે આપણે અન્યને સ્વીકારીએ, કદર કરીએ, માન આપીએ. તેમ છતાં, શ્રેષ્ઠ વ્યક્તિત્વના અમુક પાસાંઓ છે જે વિચારી શકાય.

## પૃથ્વીને બચાવવા માટે અને તેના ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે સંશ્લેષણ અને શાકાહાર



પૃથ્વીને બચાવવા માટે અને તેના ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે સૌથી વધુ જરૂરી જે બે સૌથી મહત્ત્વનાં પાસાં છે તે છે પ્રકાશ સંશ્લેષણ અને શાકાહાર. દુર્ભાગ્યે આ બંને પાસાંની અવગણના કરવામાં આવી છે. જ્યારે આ બંને પાસાં પરસ્પર જોડાયેલા પ્રાકૃતિક અને સામાજિક સમાધાન જળવાયુ પરિવર્તનને નિયંત્રિત કરવા અને ભાવિ પેઢીઓ માટે આપણા ગ્રહ પર જીવનને અખંડ રાખવાના મહત્ત્વપૂર્ણ ઉપાય છે. પ્રકાશ સંશ્લેષણ સૂર્યના પ્રકાશને જીવન-ઊર્જામાં રૂપાંતરિત કરવાની નૈસર્ગિક ઘટના છે અને શાકાહાર પ્રાકૃતિક દોહનને નિયંત્રિત કરવાની માનવની મૌલિક પ્રકૃતિ-પ્રદત્ત જીવનશૈલી. તેને પ્રોત્સાહિત કર્યા વિના આપણા જીવિત ગ્રહને બચાવી શકવું સંભવ નહીં હોય. પ્રકાશ સંશ્લેષણ પૃથ્વી પર જીવનનો આધારછે, જેના માધ્યમથી લીલા છોડ, શેવાળ અને કેટલાક જીવાણું સૂર્યના પ્રકાશનો ઉપયોગ કરીને કાર્બન ડાયોક્સાઇડ અને પાણીને ગ્લુકોઝમાં પરિવર્તિત કરી ઓક્સિજનનું ઉત્સર્જન કરે છે. આ નૈસર્ગિક ક્રિયા ન માત્ર વનસ્પતિના સામ્રાજ્યને જાળવી રાખે છે, પરંતુ આપણા શ્વાસ લેવા માટે ઓક્સિજન પણ પેદા કરે છે. ગ્લુકોઝ પૃથ્વીના સમસ્ત જીવ રૂપોનો પ્રાથમિક ઊર્જા સ્રોત છે. વાસ્તવમાં આ સૌર ઊર્જા જ છે, જે પ્રકાશ સંશ્લેષણના માધ્યમથી જૈવ રસાયણ ઊર્જામાં રૂપાંતરિત થઈ જાય છે. એનાથી જ આપણો ગ્રહ એક જીવિત ગ્રહ બન્યો છે. વર્તમાનમાં આપણી પૃથ્વી જળવાયુ પરિવર્તનના એવા કુચક્રમાં ફસાયેલી છે, જેનાથી જો તે બહાર નહીં નીકળે, તો તેનું ભવિષ્ય જ ખતરામાં પડી જશે. પૃથ્વીને આ દુષ્ચક્રથી મુક્ત કરવા માટે સૌથી પ્રભાવશાળી રણનીતિ છે પ્રકાશ સંશ્લેષણની ઉચ્ચતમ ક્ષમતા સુધી અભિવૃદ્ધિ. જળવાયુ પરિવર્તનનો કેન્દ્રીય સંચાલક છે વાયુમંડલીય કાર્બન ડાયોક્સાઈડ. જંગલોની આડેધડ કાપણી, ઔદ્યોગિકીકરણ અને જીવાશ્મ ઈંધણોના દહન જેવી માનવ ગતિવિધિઓએ તેના નાજુક સંતુલનને બાધિત કરી દીધું છે , જેનાથી વાયુમંડલીય કાર્બન ડાયોક્સાઈડમાં ખતરનાક વધારો થયો છે તથા ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તનનું સંકટ વધ્યું છે. તેનો સામનો કરવા માટે આપણે બચેલાં વનો અને અન્ય પારિસ્થિતિકી તંત્રોની રક્ષા કરવી જોઈએ, નહીં તો વનીકરણ અને પુનઃવનીકરણ પ્રયાસોને પણ ઉત્તેજન આપવું જોઈએ. હરિત આવરણનો વિસ્તાર કરીને આપણે પ્રકાશ સંશ્લેષણ માટે પૃથ્વીની પ્રાકૃતિક ક્ષમતાને વધારી શકીએ છીએ, જેનાથી કાર્બન ડાયોક્સાઈડના સ્તરને ઓછું કરીને જળવાયુ પરિવર્તનને નિયંત્રણમાં રાખી શકાય છે. તેની સાથે સાથે શાકાહાર અપનાવવો પૃથ્વીની જીવટતામાં અને પ્રાણ ફૂંકવાની દિશામાં એક વ્યાવહારિક પગલું રહેશે. સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન અનુસાર, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં પશુધન ઉદ્યોગનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે, જે વૈશ્વિક માનવજનિત ઉત્સર્જનના લગભગ ૧૪.૫ ટકા છે. પશુઓના સઘન ઔદ્યોગિક પાલનથી ભારે માત્રામાં ગ્રીનહાઉસ ગેસ મિથન પેદા થાય છે, એટલું જ નહીં, તેના માટે વ્યાપક જમીન, પાણી અને ચારાની પણ જરૂર પડે છે, જેને કારણે જંગલોની કાપણી અને જૈવ વિવિધતાના ક્ષરણને ઉત્તેજન મળે છે. ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં માંસ ઉદ્યોગ એક મોટો સ્રોત છે.

### વિદ્યા ઝટપટ નથી આવતી ગ્રંથોનું સૂત્ર છે કે જેમને વિદ્યા પ્રાપ્ત કરવી હોય એમણે સુખનો ત્યાગ કરવો પડે

# ભગવાન શિવને ગંગાજળ ચડાવનારને સામીપ્ય, સાલોક્ય, સાયુજય અને સારૂપ્ય એમ ચાર પ્રકારની મુક્તિ મળે છે



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામ નામ પર પગ મૂકીને ચાલવાથી મર્યાદાનો ભંગ નથી થતો, કારણ કે જેના પગને તળિયે રામવૃત્તિ છે, રામ વિચાર છે, રામ વ્યવહાર છે, ત્યાં મર્યાદાનો ભંગ નથી, રામનામનો જપ કેવળ યાંત્રિક પ્રક્રિયા નથી, નિરંતર થવું જરૂરી છે, પરંતુ તેનું સૂક્ષ્મ વિજ્ઞાન સમજવું પડે!:**

છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશ કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે મૂળતઃ આ સેતું તો રામ પ્રતાપથી બન્યો છે, પરંતુ આપણે આધ્યાત્મિક રૂપે નવ પ્રકારના સેતુની ચર્ચા કરી રહ્યા છીએ, અને આ વાત માનસમાં વયોવૃદ્ધ અનુભવી જામવંત કહે છે. નાથ નામ તવ સેતુ નર ચડી ભગસાગર તરહિં. માનસ મર્મજ્ઞ આનો અર્થ કેવી રીતે કરીશું? રામને ઉપર રાખીએ કે રામ પર ચઢીને જઈએ!: એટલે કે જે સેતુ બન્યો છે, એના દરેક પથ્થર પર રામનામ લખાયું, પછી જ એ સમુદ્રમાં તર્યા હતાં, તો રામનામ પર પગ મૂકીને ચાલવાથી મર્યાદાનો ભંગ નથી થતો ? એવો એક પ્રશ્ન પણ મને પૂછ્યો છે. રામ નામ પર પગ મૂકીને ચાલવાથી મર્યાદાનો ભંગ નથી થતો, કારણ કે જેના પગને તળિયે રામવૃત્તિ છે, રામ વિચાર છે, રામ વ્યવહાર છે, ત્યાં મર્યાદાનો ભંગ નથી. રામનામનો જપ કેવળ યાંત્રિક પ્રક્રિયા નથી, નિરંતર થવું જરૂરી છે, પરંતુ તેનું સૂક્ષ્મ વિજ્ઞાન સમજવું પડે!: આ વિધાન બ્રહ્માના અવતાર એવાં જામવંતનું છે. પ્રભુને ત્રણ લોકોએ સેતુ બનાવવાની સલાહ આપી છે, એક તો સાગર પ્રભુને સલાહ આપે છે કે આપ સેતુ રચો, આપની સેનામાં નલનીલ નામના વાનર છે, અને એમને વરદાન છે, એટલે આપ સેતુ રચો. ત્યારબાદ જામવંતજીએ સુઝાવ આપ્યો કે સુનું ભાનું કુલ કેતુ જામવંત કર જોરી કહાં. ભગવાન કહે છે કે મારા કુળમાં તો મોટા મોટા લોકો થયા, પરંતુ મને જ આવું સન્માન કેમ આપવામાં આવે છે? જામવંત બતાવે છે કે આપના કુળમાંથી અહલ્યાનો ઉદ્ધાર કેટલા રાજાએ કર્યો? આપના કુળમાં ભગવાન શિવનું ધનુષ્ય પીનાક પહેલા કોણે તોડ્યું? આપના કુળમાં પરશુરામજી સામે કોની જીભ ઉપડી? આપના કુળમાં દુશ્મનનો ઉદ્ધાર કરવા નિમંત્રણ વગર કોણ ગયું? અને આ બધું આપે કર્યું છે, માટે આપ કેતુ છો ! માટે આપને આટલું મોટું સન્માન મળ્યું છે. દાદાજી આ જ રીતે શાસ્ત્ર સમજાવતા હતા. વિદ્યા ઝટપટ નથી આવતી ગ્રંથોનું સૂત્ર છે કે જેમને વિદ્યા પ્રાપ્ત કરવી હોય એમણે સુખનો ત્યાગ કરવો પડે.

**સેવક સુખ ચાહ માન ભિખારી ।**
**વ્યસની ધન શુભ ગતિ વ્યભિચારી॥**

જામવંત બહુ જ દીર્ઘાયું છે, એમણે રામનું સમગ્ર ચરિત્ર જોયું છે. યાદ રાખો કે રામ માત્ર ત્રેતાયુગમાં જ થયા છે, એવું નથી. ત્રેતા યુગમાં તો રામે અવતાર લીધો, રામલીલા કરી. પરંતુ રામ ગયા છે એવો વિચાર ક્યારેય ન કરવો! સમુદ્રમાં ડૂબકી લગાવી કુશળ તરવૈયો એક જગ્યાએથી બીજી જગ્યાએ નીકળી જાય છે, એમ રામ દરેક યુગમાં આવે છે. કૃષ્ણ કોણ છે? રામ જ છે. નામ ભેદ છે, લીલા ભેદ છે, થોડો રૂપ ભેદ છે, અને થોડો ધામ ભેદ છે. રામ સેતુ પર આપણી ચર્ચા ચાલી રહી છે એમાં આગળ વધતાં કહ્યું, ચાલો કુરુક્ષેત્ર જ્યાં રામ અને સીતા કોઈ ઓળખી ન શકે એવી રીતે આવ્યાં છતાં, અગત્યના ધર્મ પત્ની લોપામુદ્રા એ તેમને ઓળખી લીધાં અને પ્રશ્ન પૂછે છે. કે આપે લંકા જવા માટે સેતુ કેમ બનાવ્યો? આપ તો ત્રણ કદમમા ત્યાં પહોંચી શક્યા હોત! લોપામુદ્રાના સવાલના જવાબમાં રાઘવ કહે છે કે સેતુ બનાવવાના પાંચ કારણ છે. પહેલું કારણ હું રાવણને મારું એશ્વર્યા બતાવવા નહતો માંગતો. કેમકે જો મારું એશ્વર્ય જાણી જાય તો, મારી સાથે વેરવૃત્તિ છોડી દે, મારું એશ્વર્ય એના નિર્ણયમાં બાળક બની જાય. સાધક એ બહુ જ સાવધાન રહેવું જોઈએ. આ ઉપરાંત મારી મા એ કહ્યું હતું કે તું મનુષ્ય બની જા, અને જો હું મારું એશ્વર્ય બતાવુ તો મારી મનુજતા ખંડિત થઈ જાય. બીજું કારણ બતાવતા પ્રભુ કહે છે કે આપના પતિદેવ અગત્ય મહારાજ ત્રણ અંજલીમાં સાગર પી ગયા હતાં ,અને પછી એ સાગરના જળને એણે પોતાના શરીરમાંથી કાઢી નાખ્યું હતું, એટલે સાગર ખારો છે! તો એને ઓળંગી ન શકાય! ત્રીજું કારણ હનુમાનજી એકવાર અમને બંને ભાઈઓને ખભે બેસાડીને સીધા પર્વત ઉપર લઈ ગયા હતાં, હનુમાન પાસે પ્રસ્તાવ મૂક્યો કે આપણે આવું કરીએ તો! પરંતુ હનુમાનજીએના પાડી કે પ્રભુ આપની આ યાત્રામાં મારી ઈજ્જત વધે એવું હું નથી ઈચ્છતો. પ્રતાપ તો આપનો રહેવો જોઈએ, નહિતર દુનિયા રામ ક્યાં સમુદ્ર ઓળંગી શક્યા હતાં ? એવું કહેશે. નિયમ છે કે સેવકથી સાહિબ મોટો, એટલે હું મોટો નથી થવા માંગતો. ચોથું કારણ લોપામુદ્રા ખુદ કહે છે કે આપે મારા પતિને પ્રાર્થના કેમ ન કરી? એ તો ત્રણ અંજલીમાં સમુદ્ર પી ગયા હતાં. ભગવાને કહ્યું કે એમના દ્વારા કઢાયેલું જળ એમને જ પીવાનો અવિવેક હું કઈ રીતે કરી શકું? પાંચમું કારણ, લોપા મુદ્રા એ કહ્યું કે પ્રભુ હજી કોઈ કારણ છે ત્યારે પ્રભુએ કહ્યું કે હા એક મહત્વનું કારણ હજી પણ છે પ્રભુ એ કહ્યું કે સેતુ ન બન્યો હોત તો રામેશ્વર ની સ્થાપના ક્યાં થાત કલ્યાણની સ્થાપના ક્યાં થાત શિવની સ્થાપના રહી જાત! ઈશ્વર શબ્દમાં કેન્દ્રમાં શિવ છે એ વાત યાદ રાખવી એટલે રામેશ્વરમાં રામ પણ છે અને શિવ પણ છે આ એક એવું શિવલિંગ છે જેમાં હરિહર બંને છે આ સેતુ છે શિવ અને રામ બંને! એક અર્થમાં રામના ઈશ્વર રામેશ્વર અથવા તો રામ જેના ઈશ્વર છે એ રામેશ્વર!

**લિંગ થાપી વિધિવત કરી પૂજા,**
**શિવ સમાન પ્રિય મોહી ન દૂજા.**

આમ તો વિધિવત પૂજા થઈ નથી, વિધિવત સ્થાપના કરો તો પાર્વતીની સ્થાપના થવી જોઈએ, ગણેશની સ્થાપના થવી જોઈએ, નંદીની સ્થાપના થવી જોઈએ, કાચબાની સ્થાપના થવી જોઈએ, ત્યાં તો કેવળ લિંગ જ સ્થાપિત છે, પછી બધું બન્યું. પરંતુ એ તો કાલાંતરે બન્યું હશે. પણ ત્યારબાદ તુલસીદાસજી સ્વયંમ શંકરનાં મુખે કહેવડાવે છે

**ગિરજા રઘુપતિ કે યહ રિતી,**
**સંતત કરી પ્રણત પર પ્રીતિ.**

પછી બધા અદ્રશ્ય રૂપે હતા એ પ્રગટ થયાં, અને ભગવાન રામે વિધિવત પૂજા કરી. આજે એક પ્રશ્ન છે કે બાપુ રામેશ્વરની વિધિવત પૂજા કરવાની રીત બતાવીને જજો. પ્રેમમાં કોઈ વિધિ નથી હોતો, જ્યારે પણ પૂજા કરશો ત્યારે વિધિ આવશે. હું વિધિનો નિષેધ નથી કરતો, પણ વિધિ બહુ અટપટી છે. મૂળ વિધિ એવી બતાવવામાં આવી છે, કે રામેશ્વર આવો અને સીધું ગંગાજળ ન ચડાવો. વિધિ ના પાડે છે અહીં એક દિવસ રહો દર્શન કરો, પછી અહીંની માટી લઈ લો એ માટે કાશી જાવ, કાશીના મણિકર્ણિકા ઘાટ પર ગંગાજીમાં એ માટી સમર્પિત કરો, પછી ગંગાને કહો કે એક કળશ ગંગાજળ આપો, એ લઈ આવો પછી અહીં ગંગાજળ ચઢાવો, એ વિધિ માનવામાં આવી છે.

**જો ગંગાજલુ આની ચઢાઇહિ,**
**સો સાયુજ્ય મુક્તિ નર પાઈહિ.**

ચાર પ્રકારની મુક્તિ છે સામીપ્ય, સાલોક્ય, સાયુજ્ય અને સારૂપ્ય, જે ભગવાન શિવને ગંગાજળ ચડાવશે એને આ ચાર પ્રકારની મુક્તિ મળશે. એના નામ પ્રમાણે જ એના અર્થ પણ છે. પ્રભુની બિલકુલ સમીપ રહેવા મળે એને પણ મુક્તિ કહેવામાં આવી છે. જેમ કે એનું તિલક એનો શંખ, વૈજન્તીમાળા, ચક્ર, શંકરના શરીર પર રહેલા ભુજંગ, અરે વિષને પણ સાયુજ્ય મુક્તિ મળી છે. રામના અંગ પરના ધનુષબાણ. પ્રભુએ કહ્યું છે કે મારા દ્વારા નિર્મિત આ સેતુના દર્શન કરશે એ વગર મહેનતે ભવસાગર તરી જશે. પણ રામ અને શિવમાં ભેદ ન કરે એ જ પરમ તત્વને પ્રાપ્ત કરી શકે! પાંચમા સેતુ તરીકે જીવ શિવને જોડતી શ્રદ્ધાને ગણાવી, રમણ મહર્ષિની વાતને ટાંકતા કહ્યું કે જીવ શિવ એકાકાર કરવા માટે, તમને જે ઈષ્ટમાં શ્રદ્ધા હોય એનું નિરંતર શ્રદ્ધાથી સ્મરણ કરો. શ્રદ્ધા પાયો છે, અને વિશ્વાસ પિલર બની જીવને શિવ સુધી પહોંચાડે છે. છઠ્ઠો સેતું! વશિષ્ઠ ઋષિ અને વિશ્વામિત્ર વચ્ચે સેતુ બનાવ્યો. એક પ્રારબ્ધવાદી અને બીજા પુરુષાર્થવાદી, એક શાસ્ત્રવાદી અને બીજા શસ્ત્રવાદી. આગમ નિગમ અને શસ્ત્ર વચ્ચે રામે સેતુ બનાવ્યો. સાતમો સેતુ, દશરથ અને દશાનન વચ્ચે એટલે કે બંનેની વૃત્તિ, બંનેમાં દશ સંખ્યા આવે છે, આઠમો સેતુ છે નર અને વાનર વચ્ચેનો. જાનકી પુછે છે કે તું કહે છે કે હું પ્રભુનો સેવક છું, પણ પ્રભુ તો નર છે અને તું વાનર!; ત્યારે હનુમાનજીએ કહી કથા ભઈ સંગતિ જૈસે । આમ હનુમાનજી એ રામકથા કરીને નર અને વાનર વચ્ચે સેતુ બાંધ્યો.

**એહી મહં રઘુપતિ નામ ઉદારા,**
**અતિ પાવન પુરાન શ્રુતિ સારા.**

નવમો સેતુ છે મૃત્યુ અને મુક્તિ વચ્ચે. મૃત્યુ એ ડરામણો પ્રદેશ છે, જ્યારે મુક્તિ ઈચ્છનાર માટે એ ખુશીનો અવસર છે. પણ જો રામનામ મુખમાં હોય તો મૃત્યુનો ડર રહેતો નથી એમ તુલસી કહે છે,આમ કહી છઠ્ઠા દિવસની કથાને વિરામ આપ્યો.

### ભક્તિની મર્યાદા કેવળ ભગવાન પૂરતી માનવીએ સારું નથી, ગુરુ, માતા, પિતા, જયેષ્ઠબંધુએ બધાની પણ ભક્તિ કરી શકાય

# પરોપકારએ ધર્મ છે અને કોઈને કોઈ પણ રીતે પીડા આપવી કે દુઃખ દેવું એ પાપ છે, અધર્મ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આજે ભક્તિના નામે ગુરુ, માતા, પિતા, જયેષ્ઠ બંધુ, પતિ, પત્ની અને લાખો સદગુણ-સંપન્ન મહા પુરુષો ત્યજાય છે, તેમની અવહેલના કરાય છે, આ દુર્દશામાંથી ઉગરી જવું જોઈએ.**

ધર્મ એટલે શું? એ બરાબર સમજી લેવું જોઈએ ધર્મ અને રૂઢિને એક જ માની હેરાન ન થવું જોઈએ. જેનો સંબંધ આત્મા કે અંતઃ-કરણું સાથે હોય તે જ ધમ કહેવાય છે. જેમ કે સત્ય બોલવું, અહિંસા, બ્રહ્મચર્ય, દયા. અક્રોધ, પરોપકાર ઈત્યાદિ. આ બધા ધર્મ કહેવાય છે. એનો સંબંધ આત્મા સાથે જ છે. એનો સીધો પ્રભાવ આત્મા ઉપર પડે છે. પણ ગંગા સ્નાન, તીર્થયાત્રા, મંદિરમાં અમુક ને જવા દેવા અને અમુકને નહીં. અમુકનું ભોજન કરવું અને અમુકનું નહિ,એ બધા ધર્મ નહિ પણ રૂઢિ છે. રૂઢિભંગથી આત્મ કલ્યાણ હણાતું નથી,પણ ધર્મ મર્યાદાના ભંગથી આત્મ-કલ્યાણ દૂર જાય છે.ભગવાન વ્યાસે પાપ અને પુણ્ય ધર્મને અધર્મની વ્યાખ્યા ખૂબ જ ટૂંકમાં પતાવી નાંખી છે. ધર્મએ જીવન જીવવાની કળા છે. ભક્તિની મર્યાદા કેવળ ભગવાન પૂરતી છે, એમ માનવું સારું નથી. ગુરુ, માતા, પિતા, જયેષ્ઠબંધુએ બધાની પણ ભક્તિ કરી શકાય છે. પત્ની પતિની અને પતિ પત્નીની પણ ભક્તિ કરી શકે છે. એ સિવાય જે જેને વડીલ માનતો હોય તેની ભક્તિ પણ તે કરી શકે. આજે ભક્તિના નામે ગુરુ, માતા, પિતા,જયેષ્ઠ બંધુ, પતિ, પત્ની અને લાખો સદગુણ-સંપન્ન મહા પુરુષો ત્યજાય છે, તેમની અવહેલના કરાય છે. આ દુર્દશામાંથી ઉગરી જવું જોઈએ. એ સમજાઈ જવું જોઈએ કે ભક્તિ કોઈનો ત્યાગ નથી કરાવતી. તે તો કેવળ હૃદયની પવિત્રતા, સરળતા, સુંદરતા ઉત્પન્ન કરે છે અને તેનું રક્ષણ કરે છે.જેની ભક્તિ કરાય છે,તેની તન્મયતા અવશ્ય સેવવા માટે ભક્તિ ઉપદેશ કરે છે. પણ માતા- પિતા આદિની ઉપેક્ષાનો ઉપદેશ કે આદેશ ભક્તિ શાસ્ત્રમાં નથી. તન્મયતાનો એટલો જ અર્થ કે, ઉપાસ્ય દેવના સંગ્રાહ્ય સર્વગુણોનો ઉપાસક પોતાના મનઃ કોષમાં સંગ્રહ કરે. જ્યાં તેની દૃષ્ટિ પડે ત્યાં ઉપાસ્ય દેવનાં જ સ્વરૂપ ને તે જુએ. એમ કરવાથી રાગ દ્વેષાદિની અત્યંત નિવૃત્તિ થશે. તમે આગળ શીખી આવ્યા છો કે પરબુદ્ધિ જ રાગદ્વેષને જન્મ આપે છે; અને રાગદ્વેષ આપણા સૌંદર્યને હણી નાંખે છે. તેથી જ તેનું નિવારણ આવશ્યક છે. પરમેશ્વર તો અપ્રત્યક્ષ તત્ત્વ છે. બીજાના મુખે સાંભળીને જ તેના ગુણોનો આસ્વાદ લેવો છે. સંભળાવનારા ઓને પણ તેના ગુણોનો પ્રત્યક્ષ અનુભવ નથી.''અન્ધેનૈવ નિયમાના યથાઅંધાઃ'' વાળી વાત છે. તેથી ઉપાસકોએ માતાની ભક્તિથી ભક્તિનો આરંભ કરવો જોઈએ. તે નિકટતમ અને પ્રિયતમ તત્ત્વ છે. માતાના હૃદયમાં પુત્ર માટે વાત્સલ્ય નું સરોવર છલો છલ ભરેલું હોય છે.''કુપુત્રો જાયેત કચિદપિ કુમાતા ન ભવતિ'' પુત્ર દુષ્ટ બની શકે છે પણ માતાનું હૃદય પુત્ર માટે કદી પણ દુષ્ટ બનતું નથી.તેની ભક્તિ પુત્રને શીઘ્ર આગળ વધારનારી નીવડશે. માતાની આજ્ઞાનું તરત જ વગર સંકોચે, વગર વિચારે પાલન કરવું, માતાની કદી અવજ્ઞા ન કરવી, તેને કદી કટુ વચન ન કહેવાં, તેના પ્રત્યે ક્રોધ કે ઈર્ષ્યા આદિ વિકારો ન થવા દેવા, તેનામાં અખંડ શ્રદ્ધા, પ્રત્યહ તેનો ચરણ સ્પર્શ,પ્રત્યહ તેના આશીર્વાદનું સંપાદન અને તેને સર્વથા નિર્વિકાર કે સદગુણસંપન્ન માની પોતે તેના સદ્દશ બનવુંએ માતૃભક્તિ કહેવાય.'તારી માતાના ચરણમાં જ સાચું સ્વર્ગ આવેલું છે,' એમ મુહમદ સાહેબે પણ કહ્યું છે. પિતૃ ભક્તિ, ભ્રાતૃભક્તિ આદિ પણ એવી રીતે કરાય.જેમ અદશ્ય ભગવાનની ભક્તિ કરવા લોકો ટેવાયેલા હોય છે,તેમ જ આ દશ્ય ભગવાનોની ભક્તિ માટે આ દેવ પાડવી જોઈએ.વધારે નહિ તો આ વડીલો પણ ભગવાન જેવા છે, એમ તો અવશ્ય માનીને તેમની પૂજા કરવી જ જોઈએ. અઢારે પુરાણોનો સાર બે વાતમાં જ આવી જાય છે,તે એ કે પરોપકાર એ ધર્મ છે અને કોઈને કોઈ રીતે પીડા આપવી, દુઃખ દેવું એ પાપ છે, અધર્મ છે.'' માટે શાસ્ત્રીય ધર્મનો આશ્રય લેવાય; પણ શાસ્ત્રીય રૂઢિ કે લૌકિક રૂઢિનો આશ્રય લેવો કે ન લેવો એ કોઈની અનુકૂળતા, પ્રતિકૂળતા ઉપર અવલંબે છે. એ સિવાય શાસ્ત્રોમાં અષ્ટધા ભક્તિનો પણ ઉલ્લેખ છે. તે પણ ગૃહસ્થ જીવન માટે અત્યંત અનુકૂળ વસ્તુ છે. તેને જીવનમાં ઉતારવાથી માણસ પોતાનું કલ્યાણ સર્જન પણ કરી શકે છે.તે અષ્ટધાભક્તિ આ પ્રમાણે છેઃ ભગવદ ભક્તો ઉપર પ્રેમ,શ્રદ્ધા,સત્કારની ભાવના રાખવી. કદી તેમનો તિરસ્કાર ન કરવો, તેમની રક્ષા કરવી, તેમના યોગક્ષેમની ચિંતા કરવી, તેને કોઈ રીતે દુઃખી થવા ન દેવા. ભગવાનની પૂજા માટે લોકોને પ્રેરવા,લોકો ખરા હૃદયથી ભગ- વાનની પૂજા કરે તે માટે તેમને ઉત્સાહી કરવા.પોતે પણ ભગવાન ની પૂજા કરવી. ભગવત પૂજામાં કે ભગવદ ભક્તિ માં દંભ ન કરવો,એટલે ભક્તિના દેખાવો ત્યજી એકાંત વાસી થઈ ખરી ભક્તિ કરવી. ડોળ કરવાથી કોઈ લાભ થતો નથી, ઉલ્ટાનું અંતઃ કરણમાં મલસંગ્રહ થાય છે.તેથી નિર્દભ ભાવે સાચી પૂજા કરવી. એવી પૂજા ન થઈ શકે તો પૂજા ન કરવી એ વધારે સારૂં છે. વૈરાગ્ય, સદાચાર, આત્મ સંમાન વધે એવી ભગવત્ કથા સાંભળવા માં પ્રેમ રાખવો. હૃદયદ્રાવ એટલે જ્યાં કથા પ્રસંગમાં કરુણરસ આવે ત્યાં સ્વરભંગ નેત્રાશ્રુ, અંગ કંપ,રોમાંચ ઈત્યાદિક સાત્ત્વિક ભાવો નો ઉદય.જળમાં તેલ નાખો અને તે જેમ જળમાં અમુક વિસ્તાર સુધી નિરંતર પ્રસૃત થાય છે. એવી રીતે ફેલાઈ જાય છેકે વચમાં ક્યાંય અવકાશ રહી જતો નથી, એવી જ રીતે અવિચ્છિન્ન નિરંતર ભગવાનનું સ્મરણ કરવું. અને કોઈ કાળે ભગવાનના નામે, તેમની પ્રતિમાને નામે કે તેમની કથા વડે પૈસા પેદા કરવાનોપ્રયાસ ન કરે. ભાગવતની નવધા ભક્તિ કરતાં આ અષ્ટધાભક્તિ વધારે રુચિકર, વધારે તેજસ્વિની અને આકર્ષક તેમ જ લાભપ્રદ છે. એનું પાલન થવાથી પણ ગૃહસ્થાશ્રમી ભક્તિની છેલ્લી ભૂમિકા પહેલાંની ભૂમિકા સુધી પહોંચી શકે છે, અને કલ્યાણ સાધી શકે છે. વાચક ચાહક મિત્રો,કચ્છના રણમાં મીઠાના અગર ઉપર કબજો મેળવવા બે જૂથો વચ્ચે જંગ, બનાસ નદીના પટમાં ડીસા થી માંડીને રાધનપુર સુધી રેત ખનન માફીયાઓ બેફામ,ઠેર ઠેર લીલાં અડીખમ વૃક્ષો રાત દિવસ કપાઈ લાટી બજારમાં ખુલ્લેઆમ ફોરેસ્ટ જંગલ ખાતાના ચોકી પહેરા છતાં ઠલવાઈ રહયા છે. આપણે જ કુદરતી સંપત્તિનું નિકંદન કાઢી ધનાઢ્ય થવાની હોડ માંડી છે અને પછી કંઈક થાય એટલે બદનામ કુદરતને કરીએ છીએ.. અરે કુદરતનો કહેર છે.. અલ્યા તારો કહેર છે તેવી કબૂલાત કરી કુદરતને પ્રાર્થના કર કે હવે હું મારા લોભ લાલચમાં આવી કુદરતી સંપત્તિનું નિકંદન નહી કાઢું પણ જતન કરીશ. બસ આજ સાચી રાષ્ટ્ર સેવા છે.

### ઐશ્વર્યા રાય બચ્ચનને આ શું થયું?

# હાથમાં ફ્રેક્ચર! આરાધ્યાએ ઉઠાવ્યો સામાન

## અન્ય સ્ટાર કિડ્સથી સંપૂર્ણપણે અલગ, આ માતા-પુત્રીની જોડી ઘણીવાર સાથે જોવા મળે છે

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન તેની પુત્રી આરાધ્યાની ખૂબ જ નજીક છે. સોશિયલ મીડિયા પર બંનેની ખૂબ ચર્ચા થાય છે. અન્ય સ્ટાર્સ અને સ્ટાર કિડ્સથી સંપૂર્ણપણે અલગ, આ માતા-પુત્રીની જોડી ઘણીવાર સાથે જોવા મળે છે. ત્યારે તાજેતરમાં પણ કંઈક આવું જ બન્યું હતું. ગઈકાલે રાત્રે બંને એરપોર્ટ પર સાથે જોવા મળ્યા હતા. આ વખતે પુત્રી માતાની મદદ કરતી જોવા મળી. સપોર્ટ કરતા જોવા મળ્યા હતા. જ્યારે ઐશ્વર્યા તેની પુત્રીને માર્ગદર્શન આપતી જોવા. આ સમયે ઐશ્વર્યા રાય બચ્ચનના હાથમાં ફેક્ચર થયેલું જોવા મળી રહ્યું છે ત્યારે પુત્રી અરાધ્યા માતાનો સામાન સાથે લઈ તેમની મદદ કરતી જોવા મળી રહી છે. આ જોયા પછી ઐશ્વર્યાના ચાહકો થોડા ચિંતિત થઈ ગયા છે અને તે જાણવા માંગે છે કે ઐશ્વર્યા રાય બચ્ચન સાથે શું થયું છે.



જે વીડિયો સામે આવ્યો છે, તેમાં ઐશ્વર્યા અને આરાધ્યા બંને એરપોર્ટ પર જોવા મળી રહી છે. જ્યારે આરાધ્યા તેની માતાની હેન્ડબેગ લઈને જતી જોવા મળે છે, ત્યારે ઐશ્વર્યાનો તૂટેલો હાથ લોકોને આશ્ચર્યમાં મૂકી દે છે. ઐશ્વર્યાએ ગાડીમાંથી નીચે ઉતરી દીકરી આરાધ્યાને તેની હેન્ડબેગ ઉપાડવાનું કહ્યું અને તેની માતાની હાલત જોઈને દીકરી આરાધ્યા પણ પાછળ ન રહી, તેણે તરત જ તેની માતાનો સહારો બનીને તેની બેગ ઉપાડી. આ પછી ઐશ્વર્યા રાય પેપ્સ સાથે વાત કરતી વખતે એરપોર્ટની અંદર ગઈ હતી. અભિનેત્રીની આ ઈજાને જોયા પછી, ચાહકો તેના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, અભિનેત્રી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા જઈ રહી છે. આ પહેલા પણ ઐશ્વર્યા કાન્સના રેડ કાર્પેટ પર ઘણી વખત પોતાનો જાદુ બતાવી ચુકી છે. તેની સ્ટાઈલ અને આઉટફિટ્સના દરેક વખતે વખાણ થયા છે. હાલમાં, આ વીડિયો જોયા પછી, એક ચાહકે લખ્યું, 'તે સૌથી યોગ્ય છે, તે એક વાસ્તવિક રાણી છે.' ત્યારે તૂટેલા હાથ સાથે અભિનેત્રી કાન્સમાં ભાગ લેવાની છે.





# સોનિયા બાલાની હવે નિતેશ તિવારીની રામાયણમાં

ધ કેરાલા સ્ટોરીમાં કામ કરી ચૂકેલી આ અભિનેત્રી સોનિયા હવે નિતેશ તિવારીની રામાયણમાં જોવા મળશે. રામાયણમાં સોનિયા ઉર્મિલાનું પાત્ર ભજવશે. નિતેશ તિવારીની રામાયણ આ સમયની સૌથી મોટી ફિલ્મ માનવામાં આવે છે. રણબીરને રામના રૂપ માં જોવા ચાહકો આતુર છે. હવે આ ફિલ્મને લઈને વધુ એક માહિતી સામે આવી છે. 'ધ કેરલા સ્ટોરી'માં જોવા મળેલી અભિનેત્રી સોનિયા બાલાની પણ આ ફિલ્મમાં જોવા મળશે. રામાયણનું શૂટિંગ એપ્રિલમાં જ શરૂ થઈ ગયું હતું. ત્યારપછી આ ફિલ્મમાં કામ કરી રહેલા ઘણા કલાકારોના નામ સામે આવ્યા છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, સોનિયા બાલાની નિતેશ તિવારીની રામાયણમાં ઉર્મિલાનો રોલ પ્લે કરશે. ધ કેરલા સ્ટોરીમાં તેની એક્ટિંગને કારણે તેને ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. હવે જો તેને રામાયણમાં રોલ મળશે તો તેના ફેન્સ ચોક્કસપણે ખુશ થશે. આ સાથે સોનિયા ટીવી એક્ટર રવિ દુબે સાથે એક પ્રોજેક્ટ પર પણ કામ કરી રહી છે બોલિવૂડ એક્ટર રણબીર કપૂર રામાયણમાં રામના રોલમાં જોવા મળશે જ્યારે સાઉથ એક્ટ્રેસ પલ્લવી સીતાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં સુપરસ્ટાર યશ પણ જોવા મળશે. સુપરસ્ટાર યશ રામાયણમાં રાવણનું પાત્ર ભજવશે.

### અદ્ભૂત અભિનય-સશક્ત પરિવર્તન

# પાંચ કારણોસર માટે વિકી કૌશલ તેની પેઢીનો શ્રેષ્ઠ અભિનેતા છે

## ૨૦૧૦થી બોલિવૂડમાં ડેબ્યુ કરનાર મોટા નામોમાં રણવીર સિંહ, કાર્તિક, આયુષ્માન, રાજકુમાર રાવ અને વરુણ જેવા નામોનો સમાવેશ


બોલિવૂડ સ્ટાર વિકી કૌશલનો નવો પાવરફુલ લુક આ દિવસોમાં ચાહકોને ખૂબ જ પ્રભાવિત કરી રહ્યો છે. ફરી એકવાર જબરદસ્ત બોડી બનાવનાર વિકીએ જાડી અને લાંબી દાઢી પણ રાખી છે અને આજકાલ તે જ્યાં જાય છે ત્યાં લોકો તેને જોતા જ રહે છે. તેનો આ લુક તેની આગામી ફિલ્મ 'ચાવા' માટે છે, જે આ વર્ષના અંતમાં રિલીઝ થશે.ગયા વર્ષે વિકીની બે ફિલ્મો 'જરા હટકે જરા બચકે' અને 'સામ બહાદુર' સારી હિટ સાબિત થઈ હતી. આ વર્ષે પણ તેની પાસે 'છાવા' અને 'બેડ ન્યૂઝ' જેવી બે સંપૂર્ણપણે અલગ અને વિસ્ફોટક ફિલ્મો છે. જ્યારે 'છાવા' એક બાયોપિક અને પીરિયડ ડ્રામા ફિલ્મ છે, તો 'બેડ ન્યૂઝ' એક મજેદાર વાર્તા સાથેની કોમેડી ફિલ્મ છે. વિકીની આખી કારકિદીનો ટ્રેન્ડ એ રહ્યો છે કે તેણે સતત વિવિધ પ્રકારની ફિલ્મોમાં પોતાની અભિનય શક્તિ બતાવી છે. તેના પાત્રો અને ફિલ્મોની શ્રેણી એટલી વિશાળ છે કે કોઈ એક અભિનેતાએ આટલી વેરાયટી કરી હોય તે માનવું મુશ્કેલ છે. વિક્કી કૌશલના ૩૬માં જન્મદિવસ પર, ચાલો ડીકોડ કરીએ કે તેને તેમની પેઢીના શ્રેષ્ઠ અભિનેતાઓમાંના એક બનાવે છે. વિકીએ 'મસાન'થી ડેબ્યૂ કર્યુ હતું. તેનું પાત્ર એક નાના શહેરમાંથી આવતા શાંત છોકરાનું હતું, જે ઈન્ટરનેટ અને વિશ્વની આધુનિક શૈલીની શોધ કરી રહ્યો છે. તેણે તેની બ્રેકઆઉટ હિટ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં આમી ઓફિસરની ભૂમિકા ભજવી હતી.આ બે પાત્રોમાં તમને વિકીની તદ્દન અલગ ઊર્જા જોવા મળશે. જ્યાં મસાનમાં, ખુશી અને ઉત્તેજનાની ક્ષણોમાં પણ, તે પાત્ર મુજબ સંકોચની મર્યાદામાં પોતાની ઊર્જા રાખે છે. 'ઉરી'માં એક સૈનિકની ભૂમિકા ભજવતી વખતે, લડાયક લડાઈ દરમિયાન તેની ઊર્જા સ્કીન પર પાયમાલી સર્જે છે.'મસાન' જોયા પછી ઘણા લોકોને લાગ્યું કે આ અલાહાબાદ (હાલ પ્રયાગરાજ)ના છોકરાનું પાત્ર ભજવી રહેલો એક્ટર ઉત્તર પ્રદેશનો છે. તેની બોલીમાં તે પૂર્વીય યુપીનો ઉચ્ચાર એકદમ સચોટ હતો. જ્યારે 'મનમર્ઝિયાં'માં પંજાબી છોકરાના રોલમાં તેનો પંજાબી એક્સેન્ટ પણ પરફેક્ટ હતો. આ ફિલ્મના ઈન્ટરવ્યુમાં ઘણા લોકોને ખબર પડી કે તે ખરેખર પંજાબી બેકગ્રાઉન્ડમાંથી આવે છે.વિકી પાત્રોની જરૂરિયાત મુજબ પોતાના શરીરને બદલવામાં પણ અદ્ભુત છે. 'સરદાર ઉધમ'માં શહીદ ક્રાંતિકારી ઉધમ સિંહના કિશોરાવસ્થાના સીનમાં વિક્કીને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.






# 'સ્કેમ ૧૯૯૨ અને ૨૦૦૩'પછી હવે આ શોની ત્રીજી સીઝનની જાહેરાત

સોની લિવની સ્કેમ સિરીઝ એક મોટી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે. 'સ્કેમ ૧૯૯૨' અને 'સ્કેમ ૨૦૦૩' પછી હવે આ શોની ત્રીજી સીઝનની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ અને હંસલ મહેતા લાવી રહ્યા છે સુબ્રત રોય સહારાની વાર્તા અને તેનું શીર્ષક છે 'સ્કેમ ૨૦૧૦: ધ સુબ્રત રોય સાગા'.હંસલે કહ્યું કે તે ફરીથી ત્રીજી સીઝનનું દિગ્દર્શન કરવા જઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે, હંસલે પોતે 'સ્કેમ ૧૯૯૨'નું નિર્દેશન કર્યુ હતું જે હર્ષદ મહેતાની વાર્તા પર આધારિત હતી. તે જ સમયે, અબ્દુલ કરીમ તેલગીની વાર્તા પર આધારિત 'સ્કેમ ૨૦૦૩'ના નિર્દેશક તેમના પુત્ર જય મહેતા હતા.પ્રતિક ગાંધીએ કૌભાંડની પ્રથમ સિઝનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને તેમનું કામ ખૂબ જ પસંદ કરવામાં આવ્યું હતું. બીજી સીઝનમાં ગગન દેવ રિયારે અબ્દુલ કરીમ તેલગીની ભૂમિકા ભજવી હતી. તેમના કામને ઘણી પ્રશંસા મળી, પરંતુ 'સ્કેમ ૨૦૦૩' પ્રેક્ષકોને 'સ્કેમ ૧૯૯૨' જેટલું મનોરંજન કરી શક્યું નહીં. આ વખતે મેકર્સે હજુ સુધી આ શોમાં લીડ કોણ હશે તેની માહિતી શેર કરી નથી.સુબ્રત રોય સહારા ગ્રુપના સ્થાપક હતા, જેની પાછળથી રોકાણકારોની છેતરપિંડી બદલ ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૪માં તેમને ૧૦ હજાર કરોડ રૂપિયાની ચૂકવણી ન કરવા બદલ જેલમાં મોકલવામાં આવ્યા હતા. બે વર્ષ જેલમાં રહ્યા પછી, સુબ્રત ૨૦૧૬ માં પેરોલ પર બહાર આવ્યા હતા પરંતુ જ્યારે સેબી (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બ્યુરો ઓફ ઈન્ડિયા) એ પેરોલ રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.



### અલાયા એફએ કહ્યું- કરિયર ચલાવવી જરૂરી છે

# ફ્લોપ ફિલ્મો પછી કલાકારો કરોડો રૂપિયા કેમ લે છે?



અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ફ્લોપ થવાને કારણે ઈન્ડસ્ટ્રીમાં નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. જ્યારે ઈન્ડસ્ટ્રીમાં સતત ફ્લોપ ફિલ્મો મળી રહી છે, ત્યારે ઘણા કલાકારોની ફી એટલી વધારે છે કે પ્રોજેક્ટનું બજેટ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં એવા સવાલો ઉઠી રહ્યા છે કે શું ફ્લોપ ફિલ્મો માટે કલાકારો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા સુધીની ફી લેવી યોગ્ય છે?' બડે મિયાં છોટે મિયાં'માં અક્ષય અને ટાઈગર સાથે જોવા મળેલી યુવા અભિનેત્રી અલાયા



એફએ હવે આ અંગે પોતાનો અભિપ્રાય આપ્યો છે. આલિયાએ કહ્યું કે કલાકારો માટે તેમની કારકિર્દી જાળવી રાખવા માટેનો ખર્ચ પણ વધી રહ્યો છે અને આ કામ માટે ઘણા પૈસા ખર્ચવામાં આવે છે. તેણે જણાવ્યું કે કેવી રીતે કલાકારોને માત્ર એક ઈવેન્ટમાં તેમના દેખાવ માટે ઘણા લોકોને પૈસા ચૂકવવા પડે છે.બોલિવૂડ બબલને આપેલા એક ઈન્ટરવ્યુમાં અલાયાએ કહ્યું કે લક્ઝરી ખર્ચને બાજુ પર રાખીને પણ એક્ટર્સને તેમની કારકિદી ચલાવવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. આલિયાએ કહ્યું, 'શું ચાલે છે?' દરેક વસ્તુના ભાવ કેમ વધી રહ્યા છે? કારકિર્દી ચલાવવા માટે પૈસા ખર્ચ થાય છે, લોકોને ખ્યાલ નથી હોતો કે તમારે તમારી કારકિદીમાં કેટલું રોકાણ કરવું પડશે. આલિયાએ કહ્યું, 'દરરોજની શરૂઆતમાં, એક હેર પર્સન, એક મેક-અપ પર્સન, એક ફોટોગ્રાફર અને એક સ્ટાઈલિશ હોય છે - ત્યાં પહેલેથી જ ૪ લોકો છે જેમને મારો આ લુક બનાવવા માટે ચૂકવણી કરવામાં આવે છે. ચાલો પીઆર વિશે પણ વાત ન કરીએ, તેમાં પણ પૈસા ખર્ચ થાય છે. મને ખબર નથી કે મારે આ કહેવું જોઈએ કે નહીં, પરંતુ પેપ સ્પોટિંગમાં પણ પૈસા ખર્ચ થાય છે. દરેક વસ્તુમાં પૈસા ખર્ચાય છે અને આ વસ્તુઓ પાછળ થોડો નહીં, ઘણો ખર્ચ થાય છે. આલિયાએ કહ્યું કે જો તેને એક મહિનામાં ૬ ઈવેન્ટ્સમાં હાજરી આપવી હોય તો તે તેમાં હાજરી આપવા માટે ૬ વખત ખર્ચ કરે છે.પૈસા બચાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા આલાયાએ કહ્યું, 'આ સિવાય તમારે તમારું ઘર, કારની EMI અને અન્ય સો વસ્તુઓ પણ છે.

### કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ શરૂ થઈ ગયો છે

# રાજપાલની નેગેટિવ અને પોઝિટિવ એમ બંને પ્રકારની ઓળખ

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ શરૂ થઈ ગયો છે. પ્રથમ દિવસે, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ દીપ્તિ સાધવાણીએ નારંગી રંગના ગાઉનમાં પોતાનો ચાર્મ ફેલાવ્યો હતો, જ્યારે હવે ઐશ્વર્યા રાય અને કિયારા અડવાણી પણ સીનને મારવા માટે તૈયાર છે. પરંતુ તમારા આશ્ચર્યમાં વધુ વધારો થશે જ્યારે અમે તમને જણાવીશું કે રાજપાલ યાદવે પણ આ કાન્સની રેડ કાર્પેટ પર ડેબ્યૂ કર્યુ છે. રાજપાલનું નામ કાન્સ લિસ્ટમાં સામેલ જોઈને તમે પણ ચોંકી ગયા હશો. તમે વિચારતા હશો કે આવી ફેશન પરેડ સાથે ફિલ્મ ફેસ્ટિવલમાં રાજપાલ યાદવનું શું કામ છે? પરંતુ તેની પાછળ એક મોટું કારણ છે. ચાલો તમને જણાવીએ.રાજપાલ યાદવે નેગેટિવ અને પોઝિટિવ એમ બંને રોલમાં પોતાની ઓળખ બનાવી છે. પરંતુ કોમેડિયન તરીકે તેની ઈમેજ ચાહકોમાં મજબૂત છે. આવી સ્થિતિમાં, વિદેશમાં

**વિદેશમાં ચાલી રહેલા કાન્સ ફેસ્ટિવલ દરમિયાન તેને રેડ કાર્પેટ પર ચાલતો જોઈને ચાહકો પણ આશ્ચર્યચકિત**

ચાલી રહેલા કાન્સ ફેસ્ટિવલ દરમિયાન તેને રેડ કાર્પેટ પર ચાલતો જોઈને ચાહકો ચોક્કસપણે આશ્ચર્યચકિત થાય છે. વાસ્તવમાં, અભિનેતા તેની ફિલ્મ 'કામ ચાલુ હૈ' રીલિઝ કરવાનો છે. તેનું સ્ક્રીનિંગ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન થવાનું છે. જેના કારણે રાજપાલ કાનનો હિસ્સો બની ગયો છે. તેમની સાથે ડાયરેક્ટર પલાશ મુછલ પણ હાજર હતા. તેની તસવીરો અભિનેતાએ પોતે શેર કરી છે.બોલિવૂડ બબલને આપેલા ઈન્ટરવ્યુમાં રાજપાલ યાદવે પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. રાજપાલે કહ્યું કે હું ખૂબ જ ખુશ છું કે IMPAAને મારી ફિલ્મ ખૂબ પસંદ આવી અને તેને કાન્સમાં મોકલી. અભિનેતાએ કહ્યું કે તેને અગાઉ પણ આ ફેસ્ટિવલમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.



### સિંગલ મધર હોવાનો અર્થ સમજાવે છે

# સંજીદા શેખ છૂટાછેડા પછી તેની પણ પુત્રીને એકલા ઉછેરી રહી છે

## 'હીરામંડી'માં પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતનાર સંજીદા શેખ મીડિયાને મળી ત્યારે આમિર અલીથી છૂટાછેડા અને ભવિષ્યમાં કામ વિશે વાત કરી હતી

વેબ શો 'હીરામંડી'માં પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતનાર સંજીદા શેખ મીડિયાને મળી હતી. અભિનેત્રીને તેના કામ માટે અપાર પ્રેમ મળી રહ્યો છે, તે આ માટે આભારી છે. વ્યક્તિગત અને વ્યવસાયિક રીતે સંજીદા પોતાને ખૂબ જ સુરક્ષિત મહિલા કહે છે. તાજેતરમાં ઈન્ડિયા ટુડે સાથેની વાતચીતમાં સંજીદાએ સિંગલ પેરેન્ટિંગ, આમિર અલીથી છૂટાછેડા અને ભવિષ્યમાં કામ વિશે વાત કરી હતી. સંજીદા ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી રહી ચુકી છે. તેણે હૃતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ 'ફાઈટર'માં ભૂમિકા ભજવી હતી જે નાની હતી, પરંતુ તેના મર્યાદિત સ્કીન સમયમાં તેણે દર્શકોના દિલ પર પોતાની છાપ છોડી હતી. 'હીરામંડી'ના ૮ એપિસોડ છે અને તમામ આઠમાં સંજીદા મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળે છે.સંજીદાએ કહ્યું- હું એક અભિનેતા તરીકે એકદમ સુરક્ષિત છું. તમે સ્કીન પર કેટલો સમય પસાર કરી રહ્યાં છો તે મહત્વનું છે, પરંતુ વધુ મહત્ત્વની બાબત એ છે કે તમે તમારા નાના પાત્રમાં કેટલો જીવ લો છો. મને 'હીરામંડી' વિશે ખાતરી નહોતી કે મને પડદા પર કેટલો સમય મળવાનો છે તેની મને ખબર નહોતી. જ્યારે મેં શૂટિંગ શરૂ કર્યુ ત્યારે સંજય સર મને એક અદ્ભુત માર્ગદર્શકની જેમ શીખવતા જોવા મળ્યા હતા. અને જુઓ, હવે દરેક સ્કીન પર અંતિમ ઉત્પાદન જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે સંજીદા




પોતાની પર્સનલ લાઈફને લઈને પણ છેલ્લા કેટલાક સમયથી લાઈમલાઈટમાં રહી હતી. પૂર્વ પતિ આમિર અલી સાથે તેના છૂટાછેડાના સમાચાર હતા. બંનેને ૪ વર્ષની દીકરી છે, જેનો ઉછેર સંજીદાએ કર્યો છે. જો કે, આમિરને કોર્ટમાંથી પરવાનગી પણ મળી હતી કે તે તેની પુત્રીને મળી શકે છે. સંજીદાએ કહ્યું- હું મારી દીકરીને મારી સૌથી મોટી ચીયરલીડર માનું છું. એ મારી તાકાત છે. હું ગાયક માતા-પિતા છું, પરંતુ હું સમજું છું કે ભગવાને મારા માટે કંઈક આયોજન કર્યુ છે.''તેમની યોજના મુજબ, બધું બરાબર ચાલી રહ્યું છે. હું આ પ્રવાસનો આનંદ લઈ રહ્યો છું અને મેં મારી જાતને સ્વીકારી છે. તમારા જીવનમાં જુદા જુદા લોકો આવતા રહેશે અને તમે તેમની પાસેથી કંઈક શીખશો. સારું કે ખરાબ. તમારા કાર્યો શું છે તેનાથી કોઈ ફરક પડતો નથી. તે તમારા પર નિર્ભર છે.



### 'લોકોએ ટીકા કરી, છતાં તેમણે હાર ન માની'

# મોદીનો ઈન્ટરવ્યું લેવા માંગે છે શેખર સુમન

## નેટફ્લિક્સની વેબ સીરિઝ 'હીરામંડી' માટે શેખર સુમનના ખૂબ વખાણ થઈ રહ્યા છે

નેટફ્લિક્સની વેબ સીરિઝ 'હીરામંડી' માટે અભિનેતા શેખર સુમનના ખૂબ વખાણ થઈ રહ્યા છે. આ શોમાં નવાબ ઝુલ્ફીકારની ભૂમિકા ભજવી રહેલા શેખરે પોતાના નાના રોલમાં જોરદાર અસર છોડી છે. શેખર, જે ભારતમાં ટીવીના શરૂઆતના દિવસોમાં ઘણા યાદગાર શોનો હિસ્સો હતો, જ્યારે તે હોસ્ટ તરીકે 'મૂવર્સ એન્ડ શેકર્સ' લાવ્યા, ત્યારે આ શોએ વ્યંગની દ્રષ્ટિએ એક બેન્ચમાર્ક સેટ કર્યો, જેને આજના શો પણ સ્પર્શ કરવાનો પ્રયાસ કરે છે. હવે શેખરે એક નવા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તેનો આઈકોનિક શો ફરી એકવાર ટીવી પર પરત ફરી શકે છે. શેખરે એમ પણ કહ્યું કે તે વડાપ્રધાન મોદીનો ઈન્ટરવ્યુ લેવા માંગે છે. પિંકવિલા સાથેની એક મુલાકાતમાં, જ્યારે શેખરને પૂછવામાં આવ્યું કે તેના આઈકોનિક



શો 'મૂવર્સ એન્ડ શેકર્સ'ની નવી સીઝનના અહેવાલો છે, તો શું આવું થવાનું છે? તો શેખરે હા પાડી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તેની વિશલિસ્ટમાં કોઈ એવું છે કે જેનો તે ઈન્ટરવ્યુ લેવા માંગે છે? તો શેખરે તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લીધું. શેખરે કહ્યું, 'મારે મોદી સાહેબનો ઈન્ટરવ્યુ લેવો છે, બેસો ટકા!' શેખરનું માનવું છે કે તે પીએમ મોદીનો ઈન્ટરવ્યુ 'ખૂબ જ અલગ રીતે' લેવા માંગે છે.તેણે એમ પણ કહ્યું કે તે આ ઈન્ટરવ્યુ એવી રીતે કરશે કે તે બંને માટે યાદગાર બની રહેશે અને તેમનો શ્રેષ્ઠ ઈન્ટરવ્યુ હશે. શેખરે કહ્યું, એક વ્યક્તિ અને તેની આખી સફર તરીકે તેના માટે ઘણા સ્તરો અને બાજુઓ છે. તેણે ટીકાઓનો સામનો કરવો પડ્યો, લોકોએ તેને ઠપકો આપ્યો અને હેરાન કર્યા, પરંતુ તેમ છતાં તેણે હાર ન માની અને આગળ વધતા રહ્યા. આ સરળ કાર્ય નથી.શેખરે વધુમાં કહ્યું કે કોઈની ટીકા કરવી ખૂબ જ સરળ છે. તેમણે વધુમાં કહ્યું કે, '૧૫૦ કરોડ લોકોના અલગ-અલગ વિચારો અને જરૂરિયાતોને સંભાળીને તમામ વિરોધ અને ટીકાઓનો સામનો કરીને આગળ વધવું કોઈ એક વ્યક્તિ માટે સરળ નથી.' વડા પ્રધાન મોદીના વખાણ કરતાં શેખરે કહ્યું કે તેઓ એક એવી વ્યક્તિ છે જેનો ઈન્ટરવ્યુ લેતી વખતે તેઓ અભ્યાસ કરવા માંગે છે.

# રોટરી ગોટ ટેલેન્ટને મળ્યો અદભુત પ્રતિસાદ



। અમદાવાદ, તા.૧૭ ।

તાજેતરમાં રોટરી ક્લબ ઓફ અમદાવાદ મજેસ્ટી સ્ટાર્સ દ્વારા રોટરી ગોટ ટેલેન્ટ નું આયોજન કરવામાં આવ્યું છે. રોટરી ગોટ ટેલેન્ટમાં ડાન્સ, કોમેડી, સિંગિંગ, ક્લબ ગ્રુપ પર્ફોર્મન્સ, પેઈન્ટિંગ એન્ડ કરાટે જેવા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યકમમાં ૧૦૨ સ્પર્ધાકોએ ભાગ લીધો હતો અને ૨૯ મેમ્બર્સ ની પસંદગી ગ્રાન્ડ ફિનાલે માટે થઈ હતી. RGT નો મુખ્ય હેતુ ફેલોશિપ અને ક્લબના પ્રોજેક્ટ માટે ભંડોળ ઊભું કરવાનો છે. RGT ના મુખ્ય સ્પોન્સર SR ગ્રુપના રોહિતરાજ કેસવાની છે..આ કાર્યક્રમ રોટેરીયન શ્રી મેહુલ રાઠોડ ડિસ્ટ્રીક ગવર્નર અને રોટેરીયન શ્રી ગોરડોન મેકીનલી રોટરી ઈન્ટરનેશનલ પ્રિસિડેન્ટ ના માર્ગદર્શન હેઠળ શ્રી નિગમ શાહ પ્રેસિડેન્ટ ઓફ રોટરી ક્લબ ઓફ મજેસ્ટી સ્ટાર્સ, શ્રી રુશીત શાહ સેક્રેટરી રોટરી ક્લબ ઓફ મજેસ્ટી સ્ટાર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. દર વર્ષે આ પ્રકારના RGT કાર્યકમનું આયોજન કરવામાં આવશે તેવો વિશ્વાસ તેમને વ્યક્ત કર્યો હતો.RGT ના ગ્રાન્ડ ફીનાલેનું આયોજન ૧૯ મી મે રવિવારના રોજ ૪:૩૦ વાગ્યાથી પૂજા પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવશે.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજે વર્લ્ડ હાઈપર ટેન્શન દિવસ નિમિતે દાહોદ જીલ્લા આરોગ્ય અધિકારીના સુચન અને ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગ દર્શન હેઠળ ગારાડુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અમિતભાઈ વણપરીયા તેમની phc હેઠળ આવતા સબ સેન્ટરના કર્મચારી cho, mphw, કરુ ના સ્ટાફ દ્વારા ગરાડુ, અનવરપુરા, રાજપુર, સીતીવટલીના વિસ્તારના લોકોનુ હાઈપર ટેન્શનનુ સ્ક્રીનીંગ કરી સારવાર આપી વર્લ્ડ હાઈપર ટેન્શન દિવસની ઉજવણી કરવામા આવી.

# રાયન રેનોલ્ડ્સ કહે છે ઈમેજિનરી ફ્રેન્ડ્સ બાળકો માટે સામાન્ય રીતે નિભાવવાની યંત્રણા છે



આપણે બધાએ ઊછરવા દરમિયાન એવી દુનિયા બનાવી છે, જેમાં આપણને ગમતાં સ્થળો અને આપણે મિત્રો તરીકે કહીએ તે લોકો સુધી બધું જ આપણા મનની અંદર અસલ છે. આપણા મનમાં મિત્રો બહુ જ વફાદાર હતા, તેમનો વહાલ બેસુમાર હતો અને આખરે અમુક અત્યંત અસલ મૈત્રી હતી.

ઈમેજિનરી ફ્રેન્ડ્સ એક છોકરી વિશે છે જે દરેકના ઈમેજિનરી ફ્રેન્ડ્સ જોઈ શકે છે અને તે તેમના બાળકો સાથે ભુલાયેલા ઈમેજિનરી ફ્રેન્ડ્સને ફરીથી જોડવાના ચમત્કારી સાહસ પર નીકળી પડે છે ત્યારે તેની સુપરપાવરથી શું કરે છે.

રાયન રોનાલ્ડ્સ તેની આગામી એનિમેશન ફિલ્મ આઈએફ રિલીઝ કરવા માટે સુસજ્જ છે. તે બાળકોની ઈમેજિનરી ફ્રેન્ડ્સની વાર્તામાં ખોજ કરે છે. તે આ મિત્રો શા માટે અસ્તિત્વમાં હતા તે વિશે આપણને કહે છે, તે કહે છે કે વિશ્વાસ બનાવવો તે સ્થિતિસ્થાપકતાનું સ્વરૂપ છે. તે કહે છે, “ઈમેજિનરી ફ્રેન્ડ્સની સંકલ્પના ઉશ્કેરણીજનક અને રસપ્રદ છે. ઈમેજિનરી ફ્રેન્ડ્સ સામાન્ય રીતે જરૂરતમાંથી નિર્માણ થાય છે. તે સુખાકારીના ભાન માટે વાલીઓ પર ખાસ નિર્ભર રહી શકે એવું ભાન રાખતા બાલકો માટે નિભાવવાની યંત્રણા છે. તેમણે મેનેજ કરવાની અન્ય રીત શોધી કાઢવાની છે. તેઓ પોતાના ઈમેજિનરી ફ્રેન્ડ્સ નિર્માણ કરીને તે કરવા માગે છે.”

જોન ક્રેસિંસ્કી દ્વારા દિગ્દર્શિત ઈમેજિનરી ફ્રેન્ડ્સ (આઈએફ)માં રાયન રેનોલ્ડ્સ, કેલી ફ્લેમિંગ, ફિયોના શો છે. અવાજ બ્લેક લાઈવ્લી, સ્ટીવ કેરલ, ફોબી વોલર બ્રિજ, લુઈસ ગોસેટ જુ.એ આપ્યા છે. ઘણાં બધાં વધુ સુંદર પાત્રો બાળકોની કલ્પનાની અતુલનીય શક્તિને પ્રદર્શિત કરે છે.

### લાઈફ સપોર્ટ મશીન દ્વારા નવજીવન મેળવતા શ્રીમતી રાઠોડ

# વેન્ટિલેટર અને ડાયાલિસિસના સપોર્ટથી ૪૩ દિવસનો સંઘર્ષ ફળ્યો અને શ્રીમતી રાઠોડની તબિયતમાં સુધારો થયો

### ડોક્ટરોના સંઘર્ષ અને લાઈફ સપોર્ટ મશીનથી શ્રીમતી રાઠોડને ૪૯ દિવસે હોસ્પિટલમાંથી રજા મળી



। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતના શ્રીમતી રાઠોડ, ૨૭ વર્ષીય મહિલાને દિલ્હીની પાર્ક હોસ્પિટલમાં પેટમાં દુખાવાની ફરિયાદ સાથે દાખલ કરવામાં આવ્યાં હતા. શ્રીમતી રાઠોડના પતિ NSG કમાન્ડો હોવાથી તેઓ દિલ્હીમાં રહેતા હતા. દિલ્હીની પાર્ક હોસ્પિટલમાં શ્રીમતી રાઠોડની તપાસમાં જાણવા મળ્યું કે, તેમને કમળામાંથી કમળી થઈ ગઈ હતી એટલે વધુ સારવાર માટે તેમને ઈન્સ્ટીટ્યુટ ઓફ લીવર એન્ડ બિલીયરી સાયન્સમાં (ILBS)માં ખસેડવામાં આવ્યાં હતા, ત્યાં પરિસ્થિતિ વધુ ગંભીર થતા તેમને આઈસીયુમાં રાખવાની જરૂર પડી હતી. ધીરે ધીરે ઈન્ફેક્શન આખા શરીરમાં ફેલાઈ જતાં શ્રીમતી રાઠોડને લીવર ફેઈલર, ગંભીર ન્યુમોનિયા થઈ ગયો હતો. તેથી તેમને વેન્ટિલેટર પર મૂકવાની ફરજ પડી હતી. તેમની કિડની પણ હવે કામ કરતી બંધ થઈ ગઈ હતી એટલે સતત ડાયાલિસીસ કરવાની જરૂરીયાત ઊભી થઈ હતી. આવી અત્યંત ગંભીર પરિસ્થિતિમાં શ્રીમતી રાઠોડને અમદાવાદ લાવવામાં આવ્યા હતા. તેમને ૪૩ દિવસ માટે સતત વેન્ટિલેટરી સપોર્ટની જરૂર પડી હતી CRRT એટલે કે ડાયાલિસીસ કર્યા પછી તેમની તબિયતમાં ધીરે ધીરે સુધારો થયો હતો.

ઘણા ઉતાર ચઢાવ પછી અને ડોક્ટરોની સતત મહેનતના પરિણામ સ્વરૂપ ૪૯ દિવસના સંઘર્ષ પછી શ્રીમતી રાઠોડને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

# દ્વિપક્ષીય રક્ષા સંબંધોને મજબૂત કરવા માટે ભારત-મંગોલિયા સંયુક્ત કાર્ય સમૂહની ૧૨મી બેઠક ઉલાનબટારમાં યોજાઈ



। નવી દિલ્હી, તા.૧૭ ।

ભારત અને મંગોલિયાના સંરક્ષણ મંત્રાલયો વચ્ચે ૧૨મી સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) બેઠક ૧૬-૧૭ મે, ૨૦૨૪ના રોજ ઉલાનબટારમાં મળી હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા, MoD, ભારતના સંયુક્ત સચિવ શ્રી અમિતાભ પ્રસાદ અને મોંગોલિયાના રાજ્ય સચિવ MoD બ્રિગેડિયર જનરલ ગાંખુયાગ દાવગદોર્જ દ્વારા કરવામાં આવી હતી. મંગોલિયામાં ભારતના રાજદૂત શ્રી અતુલ મલ્હારી ગોતસુરવે પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતા.

JWG દરમિયાન, બંને પક્ષોએ બંને દેશો વચ્ચે ચાલી રહેલા સંરક્ષણ સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો. તેઓએ વિવિધ દ્વિપક્ષીય સંરક્ષણ સહકાર પહેલ પરની પ્રગતિની સમીક્ષા કરી અને આ દિશામાં પગલાંની સ્પષ્ટતા કરતા આ ક્ષેત્રોમાં સહયોગને વધુ વધારવા માટેના માધ્યમોની ઓળખ કરી હતી. બંને પક્ષોએ વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

સંયુક્ત સચિવે ભારતીય સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતા અને સામર્થ્યની સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો અને મોંગોલિયાના સશસ્ત્ર દળો સાથે ફળદાયી ભાગીદારીની આશા વ્યક્ત કરી. મોંગોલિયન પક્ષે ભારતીય ઉદ્યોગની ક્ષમતા અને યોગ્યતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો. બંને પક્ષોએ બંને દેશો વચ્ચે વધતા સંબંધોનો પણ સ્વીકાર કર્યો.

# ઝાલોદ નગરપાલિકા તળાવની સફાઈને લઈ કુંભકર્ણની મુદ્રામાં : ફક્ત કચરો બાળીને સફાઈના બણગા ફૂંકતી પાલિકા

### તળાવની કિનારાઓ પર ગંદકીના ઢગલા નિર્દોષ પશુઓ પ્લાસ્ટિક ખાતા જોવા મળ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

છેલ્લા ઘણા સમયથી નગરપાલિકાના વહીવટી તંત્ર પાસે તળાવની તેમજ આજુબાજુના વિસ્તારની સફાઈ માટે સતત સમાચાર માધ્યમ થી સફાઈ કરવા માંગ કરવામાં આવી રહેલ છે. પણ વહીવટી તંત્ર આંખ આડા કાન કરી કામ ન કરવાનું વિચારી રાખેલ છે તેવું લાગતું હતું, દાહોદના તળાવમાં માછલીઓના મોતથી ઝાલોદ પાલિકા તંત્ર જાગ્યું અને તળાવની પાળ પર કચરો બાળીને સફાઈ થઈ ગઈ હોવાનું માની રહેલ છે. તળાવના પગથિયા ઓ પર જંગલી વનસ્પતિ ઉગેલી જોવા મળે છે તેમજ તળાવના કીનારા પર બળેલો કચરો હાલ ફરી ગંદકી જોઈ લાગી રહેલ છે કે પાલિકાના જવાબદાર અધિકારી દ્વારા ફક્ત કાગળ પૂર્તિ કરવા કામગી-રી કરેલ છે. ઝાલોદ નગરનું રામ સાગર તળાવની ઉપર ઢોરા પાણી પીવા આવે છે અને ત્યાં જ બેસી જાય છે એટલે ત્યાં ઢોર દ્વારા કરાયેલ ગંદકી સ્પષ્ટ જોવા મળી આવે છે.

ઝાલોદ નગરનું રામ સાગર તળાવ લોકોને હરવા ફરવા માટે સુંદર વાતાવરણ પૂરું પાડે છે. પણ અહીંયા સ્ટ્રીટ લાઈટ પણ બંધ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તેમજ રામ સાગર તળાવની આજુ બાજુ વહીવટી તંત્રની સફાઈને લઈ નિષ્ક્રિયતાને લઈ તળાવની બહાર પણ અઢળક ગંદકી જોવા મળતી હોવાથી અહીંયા હરવા ફરવા આવતા લોકોને ગંદકીની હવાનો સામનો કરવો પડે છે તેમજ આજુબાજુ થયેલ પ્લાસ્ટિકના ઢગલામા ઢોરો ખાવાનું શોધવા આવતા તેઓ પ્લાસ્ટિક ખાઈ જતાં જોવા મળેલ હતા તેથી ઢોરોના સ્વાસ્થને પણ અસર પડે છે. ખોડીયાર માતાના મંદિર પર ઉતરતા રોડની બંને બાજુ રોડ પર પણ જંગલી વનસ્પતી ઉગી ગયેલ જોવા મળેલ છે.

હાલ દાહોદ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રી.મોન્સૂન કામગીરી કરવા સૂચના આપેલ છે તો ઝાલોદ પાલિકા તંત્ર પ્રી.મોન્સૂન કામગીરી ક્યારે કરશે નગરમાં રોડ પરના ખાડા, તળાવની સફાઈ, ગટરોની સફાઈ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા આ બધું પાલિકા તંત્ર કરશે. કે ફક્ત કાગળ પર કામગીરી કરશે, દર વર્ષે ઝાલોદ નગરપાલિકા પ્રી.મોન્સૂન કામગીરીમાં ફેઈલ જોવા મળે છે, દરેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ઘટના અને વરસાદી પાણીના કે અન્ય પાણીના નિકાલ માટે ખુલ્લી ગટર આ સમસ્યા કાયમ માટેની છે તો જવાબદાર વહીવટી તંત્ર ફક્ત કાગળ પર વાઘ બનશે કે સચોટ કામગીરી કરશે તે હવે આવનાર સમય બતાવશે.

# કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારત પર્વની ઉજવણી કેન્દ્રસ્થાને



। નવી દિલ્હી, તા.૧૭ ।

સિનેમાની સૌથી ભવ્ય ઉજવણી, ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત બે દિવસ પહેલા દસ દિવસના મહોત્સવ સાથે થઈ હતી, જ્યાં કન્ટેન્ટ અને ગ્લેમરનો સમન્વય થાય છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં સચિવ શ્રી સંજય જાજુએ હાલ ચાલી રહેલા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ફ્રેન્ચ રિવેરામાં ભારતીય સિનેમાની સાથે ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ, ખાનપાન અને હસ્તકળાની ઉજવણી કરવા માટે સૌપ્રથમ ભારત પર્વ નામની એક સાંજનું આયોજન કર્યું હતું. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના નેજા હેઠળ ફિક્કીના સહયોગથી એનએફડીસી દ્વારા આયોજિત આ કાર્યક્રમને શાનદાર સફળતા મળી હતી, જેમાં કાન્સના પ્રતિનિધિઓ સાંજના અપવાદરૂપ પર્ફોમન્સ અને ફ્યુઝન વાનગીઓની આનંદદાયક શ્રેણીમાં સંપૂર્ણપણે લીન થઈ ગયા હતા. IFFI ની ૫૫મી આવૃત્તિ માટેના પોસ્ટરો અને વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES) ની ગ્લોબલ એન્ટરટેઈનમેન્ટ એન્ડ મીડિયા સમિટના ઉદ્દ્ઘાટનની તારીખના પોસ્ટરનું અનાવરણ ૫૫મી આઈએફએફઆઈની સાથે ગોવા ખાતે શ્રી જાજુ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આઈટીયૂ એરિયા ઓફિસ અને ઇનોવેશન સેન્ટરના સહયોગથી એનટીઆઈપીઆર આઈટીએ “બ્રિજિંગ ધ સ્ટાન્ડર્ડાઇઝેશન ગેપ” પર બે દિવસીય વર્કશોપનું આયોજન કર્યું

। નવી દિલ્હી, તા.૧૭ ।

NTIPRIT, ગાઝિયાબાદ ખાતે ૧૫મી અને ૧૬મી મે ૨૦૨૪ના રોજ “બ્રિજિંગ ધ સ્ટાન્ડર્ડાઈઝેશન ગેપ” પર બે દિવસીય વર્કશોપમાં સહયોગી ધોરણ-નિર્માણ પ્રક્રિયાઓના મહત્વને રેખાંકિત કરવામાં આવ્યું હતું અને વૈશ્વિક ICT પ્રમાણબદ્ધતાના પ્રયાસોમાં યોગદાન આપવા માટે ભારત દ્વારા લેવામાં આવતા સક્રિય પગલાં પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU) એરિયા ઓફિસ અને ઈનોવેશન સેન્ટર, નવી દિલ્હીના સહયોગથી ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) હેઠળ નેશનલ ટેલિકમ્યુનિકેશન ઈન્સ્ટિટ્યૂટફોરપોલિસીરિસર્ચ,ઈનોવેશનએન્ડટ્રેનિંગ (NTIPRIT), ગાઝિયાબાદ દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈવેન્ટનું ઉદ્દ્ઘાટન ભારત સરકારના ટેલિકોમ વિભાગના ડિજિટલ કોમ્યુનિકેશન કમિશનના સભ્ય (ટેક્નોલોજી) સુશ્રી મધુ અરોરા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં DoT, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI), ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ, ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), ટેલિકોમ એન્જિનિયરિંગ સેન્ટર અને સ્ટાર્ટ-અપ્સના ક્ષેત્રીય એકમોના અધિકારીઓએ હાજરી આપી હતી.

વર્કશોપનો ઉદ્દેશ ટેલિકોમ ધોરણો લેખન કૌશલ્યો વિકસાવવાનો છે જે કોઈપણ દેશના વિકાસ માટે જરૂરી છે કારણ કે તે દેશને ભાવિ તકનીકોને આકાર આપવા, આર્થિક વિકાસને આગળ વધારવા, ડિજિટલ વિભાજનને પુલ કરવા, વૈશ્વિક આંતરસંચાલનક્ષમતા સુનિશ્ચિત કરવા, સુરક્ષા વધારવા અને સહયોગને પ્રોત્સાહન આપવા સક્ષમ બનાવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે। પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે તથા તમારા પરિવારને પણ અપાર આનંદ આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો-કોઈક વિવાદાસ્પદ મુદ્દા હોય તો-તેનો ઉકેલ સલાહસંપથી લાવવો રહ્યો. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ, માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈઓ અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. તમે આજે તમારા મનપસંદ કાર્યો કરવા નું મન બનાવશો, પરંતુ કાર્ય ની વિપુલતા ને કારણે તમે તે કરી શકશો નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો. સારાં માનવી મૂલ્યો તથા ઉષ્માસભર હૃદય સાથે અન્યોનું માર્ગદર્શન કરવાની તથા મદદ કરવાનો સહજ ઉમળકો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલૅટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ખાસ કરીને તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજનો દિવસ ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો નથી, સાવચેતી રાખવી. ચાલતી વખતે તમારે વધારે ધ્યાન અને સાવચેતી રાખવી જોઈએ. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તબિયત પર વધારે ધ્યાન આપવું પડશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે અને તેમના આસાપાસના લોકોને તેમની નિર્દોષતા,આનંદીપણું તથા નકારાત્મકતાના અભાવ દ્વારા બદલી શકે છે.

ન્યૂઝ બ્રિફ

## ચારધામ યાત્રામાં અત્યાર સુધી ૧૧ શ્રદ્ધાળુઓના મોત

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

દેશની પ્રસિદ્ધ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી - એમ ચારધામ યાત્રાને શરુ થયાને હજુ પાંચ દિવસ જ થયા છે. પરંતુ કેદારનાથના કપાટ ખુલવાની સાથે જ શ્રદ્ધાળુઓની સંખ્યા અચાનક વધી ગઈ છે. એટલું જ નહીં, હમણાં સુધી ચારધામ યાત્રા માટે ગયેલા ૧૧ લોકોના મોત નીપજ્યા છે.વહીવટીતંત્રે ભારે ભીડને ધ્યાન રાખીને ચારધામ યાત્રા માટે ઓફલાઈન રજિસ્ટ્રેશન બે દિવસ માટે બંધ કરી દીધું છે.૧૫ મેને બુધવારે રજિસ્ટ્રેશન બંધ રહ્યું અને ૧૬ મેએ ઓફલાઈન રજિસ્ટ્રેશ થશે નહીં. ઉલ્લેખનીય છે કે ચારધામ યાત્રા માટેનું રજિસ્ટ્રેશન હરિદ્વાર અને ઋષિકેશમાં કરવામાં આવી રહ્યું છે.ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ જણાવ્યું કે, ૧૫મી એપ્રિલથી હમણાં સુધી ૨૬,૭૩,૫૧૯ રજિસ્ટ્રેશન થયા હતા. ગંગોત્રીમાં ૪,૨૧,૩૬૬, યમુનોત્રીમાં ૪,૭૮,૫૭૬ અને હેમકુંડ સાહિબ માટે હમણાં સુધી ૫૯ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યા છે. ૨૦૨૩માં ચારધામ યાત્રા દરમિયાન કુલ ૨૦૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા.

## કેનેડામાં જ્વેલરી લૂંટનાર હેમર ગેંગ પોલીસના હાથે ઝડપાઈ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે તેજપાલ તૂર એક પ્રોફેશનલ ગુનેગાર છે, તેણે તેના અન્ય બે સાથીદારો સાથે મળીને વેશમાં લૂંટ, અન્યની મિલકતો પડાવી લેવા સહિતના અનેક ગુના આચર્યા છે. કેનેડાની પોલીસે બે દિવસમાં મિસીસૌગાના બે મોલમાં બે જ્વેલરી શોપમાં થયેલી લૂંટ બાદ ૨૦ વષીય ભારતીય મૂળના વ્યક્તિ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. એવો આરોપ છે કે હથોડાથી સજ્જ ટોળકીના છ સભ્યોએ મિસીસૌગા મોલમાં લૂંટ ચલાવી હતી. આ લૂંટ ૯ અને ૧૦ મેના રોજ થઈ હતી.૯ મેના રોજ, લૂંટારાઓએ મિસીસૌગા મોલમાં અનેક ડિસ્પ્લે કેસ તોડી નાખ્યા હતા અને મોટી માત્રામાં જ્વેલરીની ચોરી કરી હતી. લૂંટારુઓ ચોરીની કારમાં આવ્યા હતા અને દુષ્કર્મ આચરીને ફરાર થઈ ગયા હતા. જે વાહનમાં લૂંટારુઓ ભાગી ગયા હતા તે વાહન ટોરોન્ટોમાં ચોરાઈ ગયાની જાણ થઈ ચૂકી છે.બીજા દિવસે, ૧૦ મેના રોજ, પોલીસ અન્ય મિસીસૌગા મોલમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે પાંચ શકમંદોએ અન્ય જ્વેલરી સ્ટોરને નિશાન બનાવ્યો હતો. લૂંટારુઓ હથોડીથી સજ્જ હતા અને આગલા દિવસની લૂંટનું પુનરાવર્તન કરીને, ડિસ્પ્લે કેસ તોડીને કિંમતી દાગીના લઈને ભાગી ગયા હતા. આ પછી પોલીસે આરોપીઓનો પીછો કરીને ભારતીય મૂળના ૨૦ વષીય આરોપી તેજપાલ તૂર સહિત ત્રણ લૂંટારુઓની ધરપકડ કરી હતી.

### વીડિયો સામે આવ્યા બાદ સ્વાતિ માલીવાલની પહેલી પ્રતિક્રિયા

# AAP સાંસદનો આરોપ, પેટ અને પ્રાઈવેટ પાર્ટ પર મારી લાત, કપડાં પણ ખુલી ગયા

### આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્ય સ્વાતિ માલીવાલે પોતાની સાથે ઘટેલી મારપીટની ઘટનાના ત્રણ દિવસ બાદ પોલીસમાં એફઆઈઆર નોંધાવી છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

આમ આદમી પાર્ટી (AAP)ના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તણૂકના મામલાનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં સ્વાતિ માલીવાલ સીએમ હાઉસની અંદર બેઠી જોવા મળી રહી છે, જ્યાં કેટલાક કર્મચારીઓ તેમને બહાર જવા માટે કહે છે. આ દરમિયાન તે બિભવ પર ગુસ્સે થઈ રહી છે. આ વીડિયો સામે આવ્યા બાદ સ્વાતિ માલીવાલની પહેલી પ્રતિક્રિયા પણ સામે આવી છે.

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્ય સ્વાતિ માલીવાલે પોતાની સાથે ઘટેલી મારપીટની ઘટનાના ત્રણ દિવસ બાદ પોલીસમાં એફઆઈઆર નોંધાવી છે. બે પાનાની એફઆઈઆરમાં દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષે ૧૩મી મેના રોજ સીએમ અરવિંદ કેજરીવાલના ઘર પર ઘટેલી ઘટનાનું વિસ્તૃત વિવરણ આપ્યું છે. તેમણે એફઆઈઆરમાં સીએમના ઘરે જવાથી લઈને ત્યાં મારપીટ બાદ પોલીસ સ્ટેશન જવા અને ત્યાંથી પછી પોતાના ઘરે પાછા ફરવા સુધીની ઘટના જણાવી છે. સ્વાતિ માલીવાલે શુક્રવારે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની સામે પણ પોતાનું નિવેદન નોંધાવ્યું છે. તીસ હજારી કોર્ટના એમએમ કાત્યાયની શર્મા કદવાલ સામે માલીવાલે આખી ઘટના દોહરાવી.

સ્વાતિ માલીવાલે દિલ્હી પોલીસને જે ફરિયાદ કરી છે તેમાં ખુબ જ ગંભીર આરોપ લગાવવામાં આવ્યા છે. દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષે કહ્યું કે બિભવકુમારે કોઈ પણ ઉશ્કેરણી વગર તેમના પર હુમલો કર્યો અને ખરાબ રીતે મારપીટ કરી. સ્વાતિએ એટલે સુધી કહ્યું છે કે બિભવે શરીરના અનેક ભાગો પર હુમલો કર્યો. તે દુખાવાથી કણસતી રહી પરંતુ તેને દયા ન આવી. સ્વાતિએ પોતાની ફરિયાદમાં કહ્યું છે કે તે ૧૩મી મેના રોજ સીએમ આવાસ પર ગઈ હતી. બિભવકુમાર સાથે મુલાકાત ન થઈ શકવાના કારણે તે સીએમના ઘરે ગઈ અને તેમની મુલાકાતની રાહ જોતા ડ્રોઈંગ રૂમમાં બેઠા હતા. સ્વાતિના જણાવ્યાં મુજબ સીએમ તેમને મળવાના હતા પરંતુ અચાનક ત્યારે જ કેજરીવાલના અંગત સચિવ બિભવકુમાર રૂમમાં ઘૂસી ગયા. તેમણે કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી વગર બૂમો પાડવાનું શરૂ કરી દીધુ અને ગાળો પણ આપી. તેમણે કહ્યું કે તું કેમ અમારી વાત નહીં માને? કેમ નહીં માને?....તારી ઓકાત શું છે કે અમને ન કરવા દે.

સ્વાતિનું કહેવું છે કે આ પહેલા કે હું કઈ પણ સમજી શકું બિભવે હુમલો કરી દીધો. સ્વાતિએ લખ્યું કે તેમણે મને થપ્પડ મારવાનું શરૂ કરી દીધુ. મને ઓછામાં ઓછા ૭-૮ વખત થપ્પડ માર્યા. હું સતત બૂમો પાડી રહી હતી. હું બિલકુલ આઘાતમાં હતી અને વારંવાર મદદ માટે બૂમો પાડી રહી હતી. પોતાને બચાવવા માટે મે તેને મારા પગથી દૂર ભગાડ્યો. તે સમયે તે મારા પર તૂટી પડ્યા અને મને નિર્દયતાથી ઢસડી. સ્વાતિએ એટલે સુધી કહ્યું કે તેમના શર્ટના બટન સુદ્ધા ખુલી ગયા હતા, આમ છતાં બિભવ અટક્યા નહીં. એફઆઈઆર મુજબ સ્વાતિએ કહ્યું કે આરોપીએ તેને છાતી, પેટ અને પેલ્વિસ એરિયામાં લાત મારી. સ્વાતિએ કહ્યું કે હું સતત મદદ માટે બૂમો પાડતી રહી. હું દર્દથી ખુબ કણસતી હતી અને મારું શર્ટ ઉપર આવી રહ્યું હતું પરંતુ આમ છતાં તે મારા પર હુમલો કરતો રહ્યો.

### સુપ્રીમ કોર્ટે જમીન અધિગ્રહણને લઈને આપ્યો મહત્વનો નિર્ણય

## કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની અરજી ફગાવી દેવામાં આવી

| કોલકાતા, તા.૧૭ |

સુપ્રિમ કોર્ટે કહ્યું કે રાજ્યની ફરજ છે કે તે વ્યક્તિને જણાવે કે તે તેની મિલકત હસ્તગત કરવા માંગે છે. સંપાદન અંગેના વાંધાઓ સાંભળવાની રાજ્યની ફરજ છે. સુપ્રીમ કોર્ટે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની અરજીને ફગાવી દેતા કહ્યું કે જો કોઈ વ્યક્તિને તેના મિલકતના અધિકારોથી વંચિત રાખતા પહેલા યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં નહીં આવે તો ખાનગી મિલકતોનું ફરજિયાત સંપાદન ગેરબંધારણીય હશે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ખાનગી મિલકતોના સંપાદનના બદલામાં વળતરની ચૂકવણીની વૈધાનિક યોજના પણ વાજબી રહેશે નહીં જો રાજ્ય અને તેના સાધનો દ્વારા યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં ન આવે. આ સાથે કોર્ટે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કોર્પોરેશનને રૂ.૫ લાખનો દંડ પણ ફટકાર્યો છે. હકીકતમાં, મ્યુનિસિપલ કોર્પોરેશને કલકત્તા હાઈકોર્ટની ડિવિઝન બેંચના નિર્ણયને પડકારતા સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.કલકત્તા હાઈકોર્ટે પાર્કના નિર્માણ માટે શહેરના નારકેલડાંગા નોર્થ રોડ પરની મિલકતના સંપાદનને રદ કર્યો હતો. હાઈકોર્ટે તેના ચુકાદામાં કહ્યું હતું કે ફરજિયાત સંપાદન માટેની ચોક્કસ જોગવાઈ હેઠળ નાગરિક સંસ્થા પાસે કોઈ સત્તા નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કલમ 300A હેઠળ જમીન માલિકને પ્રક્રિયાગત અધિકારો આપવામાં આવે છે. સુપ્રિમ કોર્ટે કહ્યું કે રાજ્યની ફરજ છે કે તે વ્યક્તિને જણાવે કે તે તેની મિલકત હસ્તગત કરવા માંગે છે.

### સામાન્ય સારવારના ખર્ચમાં લોકોને મળશે ફાયદો

## કેન્દ્ર સરકારનો ૪૧ દવાઓ અને સાત ફોર્મ્યુલેશનના ભાવ ઘટાડવાનો નિર્ણય

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના પગલે લોકોને ફાયદો થશે અને થોડી રાહત પણ મળશે. જી હાં સરકાર દ્વારા કેટલીક દવાઓની કિંમત ઘટાડવામાં આવી છે. ડાયાબિટીસ, હૃદય, લીવર, ઈન્ફેક્શન અને એલર્જીની દવાઓ સસ્તી થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે તેમની નવી કિંમતો નક્કી કરી છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) એ તેની ૧૨૩મી બેઠકમાં ૪૧ દવાઓ અને સાત ફોર્મ્યુલેશનની કિંમતો ઘટાડવાનો નિર્ણય લીધો હતો. આ અંતર્ગત વિવિધ કંપનીઓની દવાઓની છૂટક કિંમતો નક્કી કરવામાં આવી હતી. તેમાં મલ્ટીવિટામિન્સ અને એન્ટિબાયોટિક્સનો પણ સમાવેશ થાય છે. દેશમાં ૧૦ કરોડથી વધુ લોકો ડાયાબિટીસ અને ૮ કરોડથી વધુ લોકો બીપીથી પીડિત છે. આ ઉપરાંત ગેસ, વિટામીન ડી કે અન્ય વિટામીનની ઉણપને કારણે તેમની દવાઓનો ધંધો પણ દર વર્ષે ઝડપથી વધી રહ્યો છે. અનુમાન મુજબ, એનપીપીએ ના આ નિર્ણયથી ૩૦ કરોડથી વધુ લોકોને સીધી રાહત મળશે.

એનપીપીએ દ્વારા એક નોટિફિકેશન જાહેર કરીને આ જાણકારી આપવામાં આવી હતી. સામાન્ય રીતે ઈન્ફેક્શન, એલર્જી સિવાય મલ્ટીવિટામીન અને એન્ટીબાયોટીક્સના ભાવ વધારે હોય છે. જેના કારણે સામાન્ય સારવારનો ખર્ચ પણ વધી જાય છે. તેથી દવાઓ સસ્તી થશે તો લોકોને રાહત મળશે.

ફેબ્રુઆરીમાં દ્વંછએ ખાંડ અને BP સહિત ૬૯ દવાઓના ભાવમાં સુધારો કર્યો હતો અને નવી કિંમતો લાગુ કરી હતી, જેમાં ૩૧ ફોર્મ્યુલેશન દવાઓનો પણ સમાવેશ થાય છે. આ ઓર્ડરમાં મેટફોર્મિન, સિતાગ્લિપ્ટિન, બિસોપ્રોલોલ ઉપરાંત વિટામિન ડી૩, પેન્ટોપ્રાઝોલ, ટેલમિસારટન, આઈસોનિયાઝિડ જેવી દવાઓ અને ફોર્મ્યુલેશનનો સમાવેશ થાય છે.

### સ્વાતિ માલીવાલ હુમલા કેસ પર નિર્મલા સીતારમણે કહ્યું

## ‘તે શરમજનક છે કે કેજરીવાલે એક શબ્દ પણ ન બોલ્યો...’

### સીતારમણે કહ્યું કે બુધવારે કેજરીવાલ આરોપી બિભવ કુમાર સાથે લખનૌ એરપોર્ટ પર જોવા મળ્યા હતા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |



આમ આદમી પાટીના સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના મામલામાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણનું નિવેદન આવ્યું છે. સીતારમણે આ સમગ્ર મામલે અરવિંદ કેજરીવાલના મૌન પર સવાલ ઉઠાવ્યા છે.સીતારમણે કોલકાતામાં કહ્યું કે તે ખૂબ જ આઘાતજનક છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી આવાસ પર તેમની જ પાટીની સાંસદ સ્વાતિ માલીવાલ સાથેની લડાઈ વિશે એક શબ્દ પણ ન બોલ્યો. આ ઘટના પર મુખ્યમંત્રીએ કંઈ કર્યું નહીં, પ્રતિક્રિયા આપી નહીં અને એક શબ્દ પણ બોલ્યો નહીં. સીતારમણે કહ્યું કે બુધવારે તેના બદલે કેજરીવાલ આરોપી બિભવ કુમાર સાથે લખનૌ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. મને કહેવામાં આવ્યું કે કેજરીવાલ ઉત્તર પ્રદેશમાં આરોપીઓ સાથે જોવા મળ્યા છે. દિલ્હી મહિલા આયોગની ચેરપર્સન રહી ચૂકેલી એક મહિલા સાથે આવો વ્યવહાર કરવામાં આવ્યો તે ખૂબ જ શરમજનક છે. આમ આદમી પાટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે તેમના પર સીએમ આવાસ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ આરોપો કેજરીવાલના નજીકના સહયોગી વિભવ કુમાર પર લગાવ્યા છે. પાટીના નેતા સંજય સિંહે બાદમાં કહ્યું હતું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્વાતિ માલીવાલ સાથેની ઘટનાની નોંધ લીધી છે અને તેઓ આ મામલે કડક કાર્યવાહી કરશે.સંજય સિંહે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સોમવારે સીએમ કેજરીવાલને મળવા આવી હતી.

## ઘાટકોપર હોર્ડિંગની ઘટનાનો મુખ્ય આરોપી ઉદયપુરમાં ઝડપાયો

| (એજન્સી) મુંબઈ, તા.૧૭ |

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મુંબઈના ઘાટકોપર હોર્ડિંગ ઘટનાના મુખ્ય આરોપી ભાવેશ ભીંડેની ધરપકડ કરી છે. ઘટના બાદ તે ફરાર થઈ ગયો હતો. સાત અલગ-અલગ રાજ્યોમાં નવ ટીમો તેને શોધી રહી હતી. ભીંડે મેસર્સ ઈગો મીડિયા પ્રાઈવેટ લિમિટેડના માલિક છે.

પોલીસે તેની રાજસ્થાનના ઉદયપુરથી ધરપકડ કરી છે. તે એક હોટલમાં છુપાયો હતો. ઘાટકોપરમાં સોમવારે ધૂળના તોફાન બાદ ૨૫૦ ટનનું હોર્ડિંગ પડી ગયું હતું. અત્યાર સુધીમાં ૧૬ લોકોના મોત થયા છે અને ૭૪ લોકો ઘાયલ થયા છે. સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન હજુ ચાલુ હોવાથી આગામી સમયમાં મૃત્યુઆંક વધી શકે છે.સાયબર પોલીસ પણ ભીંડેને શોધવામાં વ્યસ્ત હતી. ભીંડેનો મોબાઈલ સ્વીચ ઓફ કરતા પહેલા તેનું છેલ્લું લોકેશન લોનાવલામાં હતું. ભૂતપૂર્વ GRP કમિશનર અને IPS ઓફિસર કૈસર ખાલિદને પડી ગયેલા હોર્ડિંગ્સ લગાવવા માટે ટેન્ડર આપવામાં તેમની ભૂમિકા સમજવા માટે સમિતિ દ્વારા પૂછપરછ કરવામાં આવે તેવી શક્યતા છે.ઘાટકોપર દુર્ઘટના પછી, BMCએ નવા હોર્ડિંગ્સની પરવાનગી બંધ કરી દીધી છે અને નવી નીતિની યોજના બનાવી છે. ખરેખર, ૧૩ મેના રોજ મુંબઈમાં અચાનક તોફાન અને વરસાદ થયો હતો. ધૂળની ડમરીઓ અને જોરદાર પવનને કારણે ઘાટકોપરના છેડા નગર વિસ્તારમાં પેટ્રોલ પંપ પર એક મોટું હોર્ડિંગ પડી ગયું અને એક ભયાનક અકસ્માત થયો. સોમવાર સાંજથી જ ઘટનાસ્થળે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૪ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા અને ૭૭ ઘાયલોને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ગુરુવારે સવાર સુધીમાં મૃત્યુઆંક વધીને ૧૬ થઈ ગયો હતો અને ૭૪ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

વિશેષ

### સામાન્ય પરિવારમાંથી આવતા રાણીપ-ગોતા આઈ.ટી.આઈના બે વિદ્યાર્થીની અસામાન્ય સિદ્ધિ

# સીએનસી ટર્નિંગ અને વેલ્ડિંગમાં રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેનાર રવિ પરમાર અને શુભમ પંચાલે ગુજરાતનું ગૌરવ વધાર્યું

| (માહિતી) અમદાવાદ |

અમદાવાદમાં રહેતા અને સામાન્ય પરિવારમાંથી આવતા બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છે. રવિ પરમાર અને શુભમ પંચાલે અમદાવાદના રાણીપ-ગોતા આઈ.ટી.આઈ ખાતે બેઝિક તાલીમ મેળવેલી છે. ફીટર ટ્રેડના છાત્ર રવિ પરમારનું વેલ્ડિંગ સ્કીલ અને શુભમ પંચાલનું સીએનસી ટર્નિંગમાં ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન (જીએસડીએમ) દ્વારા એપ્રિલ – ૨૦૨૪માં ૨૧ સ્કીલ સેગમેન્ટ માટે યોજાયેલ રાજ્ય કક્ષાની કૌશલ્ય સ્પર્ધામાં રાજ્યસ્તરે સિલેક્શન થયું હતું. રવિએ ૧૦૦માંથી ૬૭ અને શુભમે ૭૩ અંક મેળવ્યા હતા. હાલમાં ચાલતી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં શુભમ પંચાલ બેંગાલુરુ ખાતે અને રવિ પરમાર દિલ્હી ખાતે ભાગ લઈ રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે બંનેએ ફિટર ટ્રેડ ફિલ્ડમાં તાલીમ મેળવી અને વેલ્ડિંગ તથા સીએનસી ટર્નિંગમાં પોતાનું કૌશલ્ય દેખાડ્યું છે. આ બંને વિદ્યાર્થીઓ પોતાની આ સફળતાની સફરમાં પાયાના ઘડતરનો શ્રેય શ્રમ કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા સંચાલિત રાણીપ-ગોતા આઈ.ટી.આઈને આપે છે. જેણે આ બંને વિદ્યાર્થીઓની પસંદગી થયા બાદ સીએનસી ટર્નિંગ અને વેલ્ડિંગની બેઝિક ટ્રેનિંગ ઉપરાંત એડવાન્સ ટ્રેનિંગની વ્યવસ્થા કરી હતી.

આઈ.ટી.આઈને કારણે સપનાઓ જોવાની અને પુરુષાર્થ કરવાની ક્ષિતિજો વિસ્તરીઃ છાત્ર રવિ પરમાર

છાત્ર રવિ પરમારનું કહેવું છે કે, અમારો પરિવાર આર્થિક રીતે એટલો સધ્ધર નથી, અમે સપનાં પણ સીમિત જોયાં હતાં. પરંતુ આઈ.ટી.આઈમાં તાલીમ અને માર્ગદર્શન મળવાથી અમારી સપના જોવાની અને તેને પૂરા કરવા માટેના પુરુષાર્થની ક્ષિતિજો વિસ્તરી છે.

આઈ.ટી.આઈમાં આવીને જાણે જિંદગી બદલાઈ ગઈ, આગળ વધવાની ધગશ અને પ્રેરણા મળીઃ શુભમ પંચાલ

શુભમ પંચાલ કહે છે કે, આઈ.ટી.આઈમાં તાલીમ અને માર્ગદર્શન આપતા શિક્ષકો, અહીં મળતી સુવિધાઓ અને સહયોગને કારણે અમારી જિંદગી બદલાઈ ગઈ છે. અહીંથી અમને આગળ વધવાની ધગશ અને પ્રેરણા મળી છે. શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા સંચાલિત સરકારી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આઈ.ટી.આઈ) વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીના લોન્ચપેડ સમાન આજે વિદ્યાર્થીઓ પાસે કારકિર્દી નિર્માણના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. ત્યારે કૌશલ્ય વર્ધનમાં જ આગળ વધવા માંગતા અને ખાસ કરીને ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી



ગુજરાતમાં સ્કીલ્ડ વર્કર ફોર્સ તૈયાર કરવાના ધ્યેય સાથે રાજ્યમાં કામગીરી કરી રહી છે. ત્યારે શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા સંચાલિત સરકારી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આઈ.ટી.આઈ) વિદ્યાર્થીઓ માટે ઉજ્જ્વળ કારકિર્દીના લોન્ચપેડ સમાન બની રહ્યા છે. અમદાવાદ શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫ સરકારી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આઈ.ટી.આઈ) કાર્યરત અમદાવાદ જિલ્લામાં સરકારી, ગ્રાન્ટએઈડ અને ખાનગી એમ અનેક ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ કાર્યરત છે. તેમાંથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫ સરકારી આઈ.ટી.આઈ આવેલી છે. જેમાં રાણીપ-ગોતા, કુબેરનગર, મણિનગર, મણિનગર (મહિલા), સરસપુર, થલતેજ, સરખેજ, બાવળા, ધોળકા, ધોલેરા, ધંધુકા, સાણંદ, વિરમગામ, માંડલ અને દેત્રોજ ખાતે આઈ.ટી.આઈ કેમ્પસ આવેલાં છે. જે અદ્યતન અને આધુનિક શિક્ષણના સમન્વય બિંદુ બની રહ્યા છે.

અમદાવાદના રાણીપ-ગોતા આઈ.ટી.આઈ કેમ્પસમાં વિવિધ ૭ ટ્રેડ કોર્સ માટે વર્ષ ૨૦૨૪ના નવા સત્રની પ્રવેશ પ્રક્રિયા શરૂ ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાણીપ-ગોતાના આચાર્યશ્રી આશુતોષ વ્યાસના જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું હરિયાળું પરિસર રાણીપ વિસ્તારમાં કુલ ૩૫૯૮ ચો.મી. વિસ્તારમાં ફેલાયેલું છે. અહીં ફિટર, મિકેનિક મોટર વ્હિકલ, બ્યુટી પાર્લર, સીવણકામ, ઈલેક્ટ્રીશ્યન, કોમ્પ્યુટર, વાયરમેન એમ કુલ ૦૭ ટ્રેડ કાર્યરત છે. સંસ્થા ખાતે કુલ ૦૮ પ્રેક્ટીકલ લેબ તથા ૧૦ થિયરી રૂમ છે. આ ઉપરાંત મેથેમેટિકલ લેબ, બાયસેગ રૂમ અને લાયબ્રેરી, કોન્ફરન્સ રૂમની સુવિધા પણ ઉપલબ્ધ છે. સાથોસાથ અહીં મારુતિ સુઝુકી મોટર્સ અને કટારિયા ઓટોમોબાઈલ્સના સહયોગથી કાર્યરત ઓટોમોબાઈલ્સ સ્કીલ એન્હાસમેન્ટ સેન્ટર ખાતે મારુતિના રીપ્રેઝેન્ટેટીવ દ્વારા ઉધોગલક્ષી અધતન તાલીમ આપવામાં આવે છે. અહીંથી પાસ થયેલ મોટા ભાગના તાલીમાર્થીઓનું પરીક્ષા પહેલા જ કેમ્પ્સ ઈન્ટરવ્યૂમાં પ્લેસમેન્ટ થઈ જતું હોય છે. હાલમાં સંસ્થાના ૮૦% કરતા વધારે પાસ આઉટ તાલીમાર્થીઓ નોકરી , એપ્રેન્ટીસ અને સ્વરોજગાર મેળવી ચુક્યા છે. અને રૂપિયા ૧૫,૦૦૦થી ૨૫,૦૦૦ સુધીનો માસિક પગાર મેળવી રહ્યા છે.

**પ્રવેશ માટેની લાયકાત અને પ્રવેશ પ્રક્રિયા**

ધોરણ ૮થી ગ્રેજ્યુએશન કરનાર કોઈપણ ઉમેદવાર https://itiadmission.gujarat.gov.in વેબસાઈટ પર પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકે છે. જ્યાં એસ.સી, એસ.ટી., મહિલાઓ અને દિવ્યાંગ ઉમેદવારોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. જ્યારે અન્ય ઉમેદવારો માટે ન્યૂનતમ દરે વિવિધ કોર્સ કરાવવામાં આવે છે. રજાનાં દિવસ સિવાય કેમ્પસ ખાતે રાખેલ હેલ્પ સેન્ટર ખાતે ઉમેદવારને રૂબરૂ નિઃશુલ્ક ઓનલાઇન પ્રવેશફોર્મ ભરી આપવામાં આવશે. પ્રવેશફોર્મ ભરવાની, રજીસ્ટ્રેશન ફી ભરી ઓનલાઇન સબિમટ કરવાની તથા પ્રવેશફોર્મમાં હેલ્પ સેન્ટર ખાતેથી સુધારા-વધારા કરવાની છેલ્લી તારીખ તા.૧૩ જૂન, ૨૦૨૪ છે.







પોલીસ મુખ્ય મથક શાહીબાગ ખાતે આવેલ પરેડ ગ્રાઉન્ડમાં પોલીસ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં સેરેમોનિયલ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, મ.પો.કમિ.શ્રીઓ તથા પો.ઈ.શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### અમદાવાદ તો પણ ટોચના ૮ શહેરોમાં સૌથી સસ્તું

# અમદાવાદમાં મકાનોના ભાવમાં ૧૩ ટકા વધારો

### રેસિડેન્શિયલ પ્રોપર્ટીનો ભાવ વધીને ૭૧૭૬ રૂપિયા પ્રતિ સ્કવેર ફૂટ સુધી પહોંચ્યો : રિયલ્ટીના માર્કેટમાં તેજી જારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદના રિયલ એસ્ટેટ માર્કેટમાં ધમધોકાર કામ થઈ રહ્યું છે અને મકાનોની ડિમાન્ડ તથા ભાવમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૨૪ના પ્રથમ ક્વાર્ટરમાં અમદાવાદમાં મકાનોના ભાવ ગયા વર્ષની તુલનામાં ૧૩ ટકા વધ્યા છે તેવું ક્રેડાઈના એક રિપોર્ટમાં જણાવાયું છે. અમદાવાદમાં રેસિડેન્શિયલ પ્રોપર્ટીનો ભાવ પ્રથમ ક્વાર્ટરમાં વધીને ૭૧૭૬ રૂપિયા પ્રતિ સ્કવેર ફૂટ સુધી પહોંચ્યો હતો. વર્ષ ૨૦૨૩ના પ્રથમ ક્વાર્ટરની તુલનામાં આ ભાવ ૧૩ ટકા વધુ છે. ૨૦૧૯થી અત્યાર સુધીનો ડેટા જોવામાં આવે તો અમદાવાદમાં હાઉસિંગ પ્રોપર્ટીના ભાવમાં ૩૪ ટકાનો વધારો થયો છે. પરંતુ દેશના સૌથી મોટા ૮ પ્રોપર્ટી માર્કેટને જોવામાં આવે તો અમદાવાદ ઘણું સસ્તું છે અને બીજા શહેરોમાં મકાનના ભાવ અત્યંત વધારે છે. મકાનના ભાવમાં ટકાવારીમાં વધારો જોવામાં આવે તો ટોચના ૮ શહેરોમાં અમદાવાદ ચોથા ક્રમ પર છે. બેંગલુરુ સૌથી આગળ છે જ્યાં સરેરાશ ભાવ ૧૯ ટકા વધીને ૧૦,૩૭૭ પ્રતિ ચોરસ ફૂટ થયો છે જ્યારે દિલ્હી એનસીઆરમાં ભાવ ૧૬ ટકા વધ્યો છે અને ૯૭૫૭ પ્રતિ ચોરસ ફૂટ પર પહોંચ્યો છે. એક્સપર્ટનું કહેવું છે કે છેલ્લા એક દાયકામાં અમદાવાદ એજ્યુકેશન અને રોજગારીની હબ તરીકે ઉભરી આવ્યું છે જેથી રિયલ એસ્ટેટની ડિમાન્ડ વધી છે. અમદાવાદમાં હવે ઓલિમ્પિક્સ ગેમ્સ યોજાય તે માટે પ્રયાસ ચાલુ છે જેથી તે મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવામાં આવશે. આ ઉપરાંત આખા દેશમાંથી લોકો અમદાવાદ અને ગિફ્ટ સિટીમાં મકાનો ખરીદી રહ્યા છે.



હાઈસિંગ પ્રાઈસ ટ્રેકર રિપોર્ટ પ્રમાણે રેસિડેન્શિયલ પ્રોપર્ટીની વધતી ડિમાન્ડના કારણે અમદાવાદમાં ભાવમાં ૧૩ ટકા વધારો થયો છે. આગામી સમયમાં અમદાવાદ મેટ્રોનો ફેઝ ૨ શરૂ થશે તેથી ગાંધીનગર આસપાસ રેસિડેન્શિયલ એક્ટિવિટી વધવાની છે. સિટી સેન્ટ્રલ વેસ્ટમાં ભાવ એક વર્ષમાં ૨૬ ટકા વધ્યો છે અને ઈસ્ટર્ન માઈક્રોમાર્કેટમાં ભાવમાં ૧૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત અમદાવાદમાં વેચાયા વગરના મકાનોની ઈન્વેન્ટરીમાં ૮ ટકાનો ઘટાડો થયો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૨૪ના પ્રથમ ક્વાર્ટરના ડેટા પ્રમાણે વેચાયા વગરના મકાનોમાંથી મોટા ભાગના એફોર્ડેબલ અને મિડ સેગમેન્ટમાં આવે છે. ક્રેડાઈ, અમદાવાદના પ્રેસિડન્ટ ધ્રુવ પટેલે કહ્યું કે અમદાવાદમાં સતત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ડેવલપમેન્ટ ચાલુ છે અને તેના કારણે લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે. અમદાવાદ અત્યારે રાજ્યમાં સૌથી વધુ રોજગારી પેદા કરતા હબ તરીકે ઉભરી આવ્યું છે.

### મુખ્યમંત્રીએ કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી

# મુખ્યમંત્રીની મુલાકાતે મુંબઈ સ્થિત જર્મન કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગ

### રિન્યુએબલ એનર્જી-ઓટો મોબાઈલ-એન્જિનિયરિંગ-ટુરિઝમ-સ્કીલ ડેવલપમેન્ટના સેક્ટર્સમાં સહયોગ માટે તત્પરતા દર્શાવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જર્મની પાર્ટનર કન્ટ્રી રહ્યું હતું, તેનો ઉલ્લેખ કરી સમિટની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી.

જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી. ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેંક પણ શરૂ થઈ છે,



તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. ગિફ્ટ્સિટીમાં જર્મનીના હાયર એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ શરૂ થઈ શકે તે દિશામાં પણ મુખ્યમંત્રીશ્રીએ જર્મન કોન્સ્યુલ જનરલ સાથે ચર્ચા કરી હતી.

તેમણે ગુજરાતમાં ટેકનિકલ અને વોકેશનલ એજ્યુકેશન તથા ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટમાં વૈશ્વિક સ્તરની તાલીમની ગુણવત્તા માટે રાજ્ય સરકારના લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટ્મેન્ટ અને જર્મનીની કંપની વચ્ચે થયેલા એમ.ઓ.યુ. વિશે પણ વાતચીત કરી હતી અને તેના પરિણામે સ્કિલ્ડ વર્ક ફોર્સનો લાભ મળતો થયો છે તેમ પણ ઉમેર્યું હતું.

જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ તેમ જ ટુરિઝમ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સમાં સહયોગ માટેની ઉત્સુકતા દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણે એમ પણ કહ્યું કે, જી-૨૦ સમિટમાં છેં, હેલ્થ અને ફાર્મા સેક્ટર અંગે પરિણામદાયી ચર્ચા-વિમર્શ થયા બાદ હવે તેઓ રિન્યુએબલ એનર્જી સહિતના ઊભરતા સેક્ટર્સમાં આગળ વધવા ઈચ્છુક છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાથે જર્મનીના અગ્રણી રાજ્યોના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા અને તે દિશામાં વિચાર પરામર્શ માટે જર્મનીના ડેલિગેશનને ગુજરાત મોકલવા આમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી હતી.

### આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

# અમદાવાદના નિવૃત્ત કર્મચારી સાથે ૧.૪૫ લાખની છેતરપીંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

આજના આધુનિક યુગમાં ઝડપથી માલદાર બનવાની લાલચે વ્યક્તિ કોઈ પણ પ્રકારની હદ વટાવી જતાં હોય છે. જે માટે તેઓ કોઈની સામે પણ જોતાં નથી, વ્યક્તિ નાનું છે કે મોટું, વૃદ્ધ છે કે સશક્ત, માલદાર છે કે નહીં ? કઈ પણ જોયા વગર જે કોઈ તેમના સકંજામાં આવી જાય તેમને તેઓ છોડતા નથી. આવાજ એક કિસ્સામાં શહેરના ટેલિફોન વિભાગના નિવૃત્ત કર્મચારી સાથે છેતરપિંડી થયાનો મામલો સામે આવ્યો હતો .

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેટેલાઈટ પ્રેરણાતીર્થ દેરાસર નજીક રત્નાકર-૨માં રહેતા વિજયકુમાર સાજનાની ટેલીફોન વિભાગના નિવૃત્ત કર્મચારી છે. ૧૭ એપ્રિલે ૨૦૧૯ના દિવસે તેઓ ઘરે હાજર હતા ત્યારે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે અમારી ફેયર્સ ડેડી હોલીડેઝ પ્રા.લિ. નામની કંપની છે, જે ક્લબ મહિન્દ્રા જેવી એક જ સ્કીમ છે. જેમાં દર વર્ષે બહાર રહેવાની ફીમાં વ્યવસ્થા આપે છે અને તમારે મળવું હોય તો થલતેજ ફોર્ચ્યુન હોટલ પાસે આવીને સાંજે મુલાકાત કરજો. આ સાંભળીને વિજયકુમાર સાંજના સમયે મળવા ગયા હતા. જ્યાં ફેયર્સ ડેડી હોલીડેઝ કંપનીના બે વ્યક્તિ મળ્યા હતા. આ બંનેએ કંપની ભારતમાં અલગ અલગ જગ્યાએ રિસોર્ટ ધરાવે છે અને કંપનીમાં રૂ.૧.૪૫ લાખ ભરીને મેમ્બર્સ બનશો તો તમને દર વર્ષે દસ વર્ષ સુધી અલગ અલગ રિસોર્ટમાં ૬ નાઈટ અને ૭ દિવસનું ફીમાં રહેવાની વ્યવસ્થા કરી આપ વામાં આવશે તેવી લાલચ આપી હતી. એટલું જ નહીં, કંપનીના ડાયરેક્ટર ગૌરવ અરોરા હોવાનું જણાવ્યું હતું. જેથી વિજયકુમારને વિશ્વાસ આવી ગયો હતો અને કંપની મેમ્બર્સ બનવા માટે રૂ.૧.૪૫ લાખ ભર્યા હતા.

### એક દિવસીય તાલીમમાં જિલ્લાના અને તમામ તાલુકાના અધિકારીઓ રહ્યા ઉપસ્થિત

# અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા 'નિર્મળ ગુજરાત 2.0' અને 'સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0' અન્વયે તાલીમનું આયોજન કરાયું

**'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' મંત્રને સાર્થક કરવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭થી નિર્મળ ગુજરાત અભિયાન શરૂ કર્યું હતું**

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિન તા.૦૨/૧૦/૨૦૧૪ના રોજ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત થઈ હતી. આ અભિયાનની સફળતાને આધારે વર્ષ ૨૦૨૬ સુધીમાં તમામ શહેરોને કચરામુક્ત શહેરો બનાવવાના ઉદ્દેશ સાથે 'સ્વચ્છ ભારત મિશન અર્બન' લોન્ચ કરાયું છે.

નિર્મળ ગુજરાત 2.0ના આશયને ફળીભૂત કરવા નિર્મળ ગુજરાત 2.0 અને સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 માટે અમદાવાદ જિલ્લા કક્ષાની એક દિવસીય તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમ અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના માર્ગદર્શનમાં યોજાઈ હતી.

કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ ઉપસ્થિત સૌ અધિકારીઓને સ્વચ્છતા વિશે માર્મિક ટકોર સાથે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત નગરપાલિકા અને તાલુકા વહીવટી તંત્ર સાથે મળીને કેવી રીતે સ્વચ્છતા સંદર્ભે કામ કરી શકાય, તેના વિશે પણ સમજ આપી હતી. વધુમાં ટીમ વર્ક દ્વારા આગામી સમયમાં અમદાવાદ જિલ્લો વધુ સ્વચ્છ બને તે દિશામાં કાર્ય કરવા હાકલ કરી હતી. આ પ્રસંગે રિજનલ કમિશનર ઑફ મ્યુનિસિપાલિટીઝ શ્રી રવીન્દ્ર ખટાલે, નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીર પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, તમામ તાલુકાના મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ તથા જિલ્લા અને તાલુકાના વહીવટીતંત્રના તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.





### દીકરીના અવસાનને પગલે પરિવારમાં શોકનો માહોલ

# ગુજરાતમાં ધોરણ ૧૦માં ટોપ કરનાર વિદ્યાર્થીનીનું અવસાન

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

ગુજરાત બોર્ડનું ૧૦માં ધોરણનું પરિણામ ૧૧મી મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા વિદ્યાર્થીઓએ તેમાં ટોપ કર્યું, ધોરણ ૧૦ ના પરિણામ બાદ ટોપ આવનાર વિદ્યાર્થીઓ ને સપના હોય છે કે તેઓ આગળ ભણી ડોક્ટર બને કે એન્જિનિયર અથવા તો કલેક્ટર જેવા મોટા હોદ્દા પર પહોંચી દેશની સેવા કરે. ત્યારે આવા ટોપ ર્સ પૈકી એક એવી દીકરી કે જેને આગળ ભણીને ભવિષ્યમાં ડોક્ટર બનવાનું એક સ્વપ્ન હતું. પરંતુ તે સ્વપ્ન પૂરું કરે તે પહેલાં જ દીકરી ભગવાનને વાલી થઈ ગઈ જ્યાં દીકરીના અચાનક અવસાનને લઈને પરિવાર શોકમાં ડૂબી ગયો છે. દીકરીનું અવસાન થતાં પરિવાર પરિણામની યોગ્ય રીતે ઉજવણી પણ ન કરી શક્યો. પરિણામના માત્ર ચાર દિવસ પછી ૧૫ મેના રોજ હીર ઘેટિયા નામની ૧૫ વર્ષની વિદ્યાર્થીની જે ડૉક્ટર બનવા માંગતી હતી તે મૃત્યુ પામી ગઈ. આ દુઃખદ ઘટનાને કારણે પરિવાર પર દુઃખનો પહાડ તુટી પડ્યો છે અને આ ઘટનાની જાણ થતા દરેક વ્યક્તિ પોતાની જાતને ભાવુક થતા રોકી શક્યા નથી. હીરે ૧૦મી બોર્ડની પરીક્ષા ૯૯.૭૦% માર્ક્સ સાથે પાસ કરી હતી અને ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા હતા. એક મહિના પહેલા મોરબીમાં રહેતી હીરને બ્રેઈન હેમરેજ થયું હતું અને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં તેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને હીરને રજા આપીને ઘરે લઈ જવામાં આવી હતી. પરંતુ ફરીથી શ્વાસ લેવામાં અને હૃદયની તકલીફ થતાં હીરને રાજકોટની ટ્રસ્ટ સંચાલિત બીટી સવાણી હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવી હતી, જેમાં મગજના એમઆરઆઈ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે હીરના મગજનો ૮૦ થી ૯૦ ટકા ભાગ કામ કરતુ બંધ થઈ ગયું છે. ડોક્ટરોની ૮ થી ૧૦ દિવસની મહેનત પછી પણ હીરની સ્થિતિમાં સુધારો થયો ન હતો અને ૧૫ મેના રોજ હીરના હૃદયે પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું અને હીરને બચાવી શકાઈ નહોતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨